Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૨ • તા. ૫ થી ૧૧ જાન્યુઆરી ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No.MH/MR/East/53/2012-14

## જિનશાસન અનુરાગી પુણ્યવંત સુશ્રાવક શ્રી હિતેશભાઈ માણેકજી મોતા અને પરિવારજનોએ દેવ-ગુરૂ ભક્તિ અને ધર્મકાર્યોની આરાધનાના અમૃતકુંભની અંતઃકરણથી અનુમોદના... શેત્રુંજયતીર્થે ચાતુર્માસ, ઉપધાન તપ અને સર્જાયેલ સુકૃત શ્રૃંખલાની ઝલક...



ગિરિરાજની નિશ્રામાં અનુષ્ઠાન મંડપ



ગુરૂપૂજન કરતા હિતેશભાઈ મોતા



ગુરૂપૂજન કરતા સૌ. નીશાબેન મોતા



ગુરૂપૂજન કરતા ચિ. જય અને અજય મોતા



પધારેલ શ્રમણ-શ્રમણી, શ્રાવક-શ્રાવિકાઓના આશીર્વાદ લેતા લાભાર્થી પરિવાર



આનંદે નાચતા કલ્પેશ મોતા અને વીરચંદ લાલકા



આનંદે નાચતા અજય , જય અને હિતેશ મોતા



ભાઈ-ભાભીના આશીર્વાદ લેતા નીલેશ મોતા



તપસ્વીઓની સાતા પૂછતાં કલ્પેશભાઈ અને હિનાબેન મોતા



માળા પરિધાન કરેલા અજય, હિતેશભાઈ, નીશાબેન અને જય મોતા



રાપરગઢવારી મહાજન વતી બહુમાન કરતા શ્રી ભોજરાજભાઈ અને જીતેન નાગડા



કુટુંબીજનો-કલ્પેશ મોતા, તરૂણ ધરમશી, હિતેશ મોતા, જય મોતા, વીરચંદ લાલકા



વેવાણ મીનાક્ષીબેન સોનીની સાતા પૂછતાં લાભાર્થી પરિવાર અને કુટુંબીજનો



માળા અનુષ્ઠાન નીહાળી રહેલા શ્રાવક-શ્રાવિકાગણ



પ્રસંગે પધારેલ કુટુંબીજનો અને મોતા પરિવાર

# હુબલી અચલગચ્છ સંઘના ઇતિહાસમાં પ્રથમવાર
# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન-હુબલી આયોજિત
# શ્રી નવકાર મંત્ર ભાષ્ય જાપ અનુષ્ઠાન સૌના સહયોગે આનંદ સંપન્ન


નવકાર જાપ મુદ્રામાં મગ્ન જ્ઞાતિજનો.


નવકાર જાપ મુદ્રામાં મગ્ન જ્ઞાતિજનો.


નવકાર મંત્ર યંત્રનું વાસક્ષેપ પુજન


વાસક્ષેપ પુજન કરતા દાતા પરિવારજનો.


નવકાર જાપ મુદ્રામાં મગ્ન જ્ઞાતિજનો.


શ્રી હર્ષ દેઢિયા પોતાની મંડળી સાથે...


સૌને આવકારતા શ્રી ભરત ખીમજી મોમાયા


દિક્ષાર્થી કુ. દિશાબેન જયચંદ લોડાયાનું સન્માન


વિધિકાર શ્રી હર્ષ દેઢિયાનું સન્માન


આરતી કરતા દાતા પરિવારજનો.


આરતી કરતા દાતા પરિવારના બહેનો.


મહાજનના પદાધિકારીઓ તથા દાતા પરિવારો


સ્વામીવાત્સલ્યનો લાભ લેતા જ્ઞાતિજનો.

નવકાર જાપ પ્રસંગે સાધર્મિક ભક્તિના લાભાર્થી : **શા. વાલજી હીરજી મોમાયા પરિવાર** (સાંયરા)

નવકાર ભાષ્ય જાપ અનુષ્ઠાનના સહયોગી દાતાઓ : **શ્રી નારાણજી શામજી મોતા** (રાપરગઢ), **શા. કરમચંદ આણંદજી વિકમશી** (વરાડીયા), **શા. હેમરાજ કાનજી મોમાયા** (વરાડીયા)

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 2 / 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## 'અનંતછાયા'

*(તંત્રી નોંધ : શ્રી સમસ્ત જ્ઞાતિ મહાજનશ્રીએ 'અનંતછાયા' બાબતે શ્રી અનંતનાથજી ટ્રસ્ટને તા.૨૪-૧૨-૧૨ના પત્રની એક નકલ 'પ્રકાશ-સમીક્ષા'ને પ્રાપ્ત થઈ છે. આ પત્રની નકલ મુંબઈ જ્ઞાતિ મહાજનશ્રીને પણ મોકલાયેલ છે. જ્ઞાતિજનોમાં આ મુદ્દે જે તીવ્ર ઉત્કંઠા, ચિંતા અને ચર્ચા વ્યક્ત થઈ રહ્યા છે તેનો પડઘો કેટલા અંશે આ પત્રમાં ઝીલાયો છે તે અને સામી બાજુએ આ પત્ર વાંચીને જ્ઞાતિજનો કઇ રીતે પ્રત્યાઘાત આપશે તે બાબતો પણ રસપ્રદ બનશે. 'પ્રકાશ-સમીક્ષા'ને આપના મંતવ્યો મોકલવા આમંત્રણ આપવાનું ન હોય.)*

---

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ, મુંબઈ
માનનીય ટ્રસ્ટીગણ,
જય જિનેન્દ્ર,

સવિનય જણાવવાનું કે... સમગ્ર જ્ઞાતિને સ્પર્શતા, અનંતછાયાના વિવાદ-સમસ્યાને સુલઝાવવા, એનું સુખદ સમાધાન લાવવા અમને કરેલ વિનંતીને અનુલક્ષી, એને માન્ય રાખી.. અમોએ આ બાબત જેમને સ્પર્શે છે, જેઓ સંલગ્ન છે, કે પછી આ બાબતમાં વિશેષ રસ-જ્ઞાન ધરાવે છે એવા જ્ઞાતિજનો, શ્રેષ્ઠીવર્યો જ્ઞાતિના નામી, અનુભવી બીલ્ડરોને રૂબરૂ મળી, મુલાકાતો ગોઠવી આ પ્રશ્નને વધુ સારી રીતે સમજવા-સુલઝાવવા પ્રયાસ કર્યો. તેમાં થયેલ વિચાર વિમર્શનો સર્વસામાન્ય અભિપ્રાય, જ્ઞાતિની ઇચ્છા, અમોએ તા.૧૨-૧૨-૨૦૧૨ ના રોજ વિક્રોલી મુકામે થયેલ આપણી સંયુક્ત સભામાં પણ રજુ કરેલ. અને આજે આ પત્ર દ્વારા ફરી એકવાર ટુંક સાર આપને લખી જણાવી, આપણી પરંપરા, જ્ઞાતિઇચ્છા અને એના વિશાળ હિતને લક્ષમાં લઈ, આ પત્રને હકારાત્મકરૂપથી લેવાની ભલામણ કરીએ છીએ.

૧) 'અનંતછાયા' જેવી કીંમતી, મોકાની મિલ્કત કે જ્યાં આપણાં ૧૦૪ પરિવારો એક જ સંકુલમાં રહે છે. એટલું જ નહીં, આપણું પોતાનું જિનાલય પણ છે. એના વેંચાણનો નિર્ણય લેતાં પહેલા જ્ઞાતિને વિશ્વાસમાં લેવાની અતિ આવશ્યકતા હતી. પણ તેમ ન થતાં, સમસ્ત જ્ઞાતિનો તિવ્ર અપેક્ષાભંગ થયો છે.

૨) આ મિલ્કતનું વેંચાણ ન જ થવું જોઈએ.

૩) વેંચાણ વગર પણ ડેવલપમેન્ટ શક્ય હતું જ આજે પણ છે. તેમ છતાં, આપે. મે/જૂનના વેલ્યુએશન રીપોર્ટના આધારે ઓગષ્ટ ૨૦૧૧માં અનંતછાયાના વેંચાણનો નિર્ણય લીધો હતો તે પછી DC રેગ્યુલેશનમાં જે ફેરફારો થયા તેના કારણે ખાસ કરીને ઘાટકોપરમાં પ્રોપર્ટીના ભાવોમાં બેથી અઢી ગણો વધારો થયો છે. તે દષ્ટિએ આપશ્રીઓએ મા. ચેરીટી કમિશ્નરશ્રીનું ધ્યાન દોરવું જોઈએ જેથી ટ્રસ્ટ/જ્ઞાતિને માતબર રકમનો ફાયદો થાય. જોકે આપશ્રીએ તેમ કરેલ જ હશે. એવી અપેક્ષા અસ્થાને ન ગણાય, કવચીત ન થવા પામ્યું હોય તો, ત્વરીત કરી લેવા વિનંતી.

૪) જ્ઞાતિનાં જ એક ડેવલપરે નુતન જિનાલય સ્વદ્રવ્યથી નિર્માણ કરી આપવાની તૈયારી સાથે રૂા. ૭ કરોડના અનુદાનની લેખીત ઓફર કરી છે. તેના પર આપશ્રીએ વિચારણા કરી નથી.. એ ખૂબજ આઘાતજનક છે. તદ્ઉપરાંત બીજી રીતે વિચારતાં પણ બીલ્ડરની રૂા.૪૦-૪૫ કરોડની ઓફરમાં જો આ ખર્ચ એમને ફાળે કરવાનો ન આવે તો એટલી રકમ, એટલે કે ૪૬-૫૧ કરોડ જેવી ઓફર મળત. એ દષ્ટિએ પણ મુલ્યાંકન

ઓછું થયેલ છે. એ મુખ્ય વાત કે આપણા દેરાસરજીને તોડી (Demolish) કરી, જ્ઞાતિ સિવાયની કોઈ ત્રીજી વ્યક્તિ તેનું બાંધકામ કરી સાથે તે જ્ઞાતિ માટે ખૂબજ શરમજનક અને નીચે જોવા સમાન છે. થોડા સમય પૂર્વે શ્રી અનંતનાથ જિનાલયની પુનઃપ્રતિષ્ઠા જ્ઞાતિજનોએ કરેલી એ પ્રણાલીકા અપનાવવી જોઈએ.

જ્ઞાતિ ઈચ્છાની વિરુધ નિર્ણય લઈ 'અનંતછાયા'ના વેંચાણની જે પ્રક્રિયા કરવામાં આવી તેમાં ટેન્ડર, ટેન્ડરની જા.ખ. અરનેસ્ટ મની, કન્સાઈન્મેંટ લેટર, MOU વિ. જેવી કાયદાકિય પ્રક્રિયાઓ, દસ્તાવેજોમાં ત્રુટીઓ અને વિસંગતીઓ રહી જવા પામી છે. આ અધુરાશના કારણે ભવિષ્યમાં પણ મુશ્કેલીઓ સર્જાઈ શકે છે. સ્પષ્ટતા અને પારદર્શકતાનો અભાવ જણાય છે. વધુ ચોકસાઈ જરૂરી હતી. તે પૈકી....

ડેવલપર સાથે થયેલ MOU ની કેટલીક બાબતો...

૧. બેંક ગેરંટીની જોગવાઈ રાખેલ નથી, તેથી જો ડેવલપર ૧૦૪ ભાડુઆતો માટે નવા ફ્લેટોનું બાંધકામ ન કરે, સમયસર ચાલુ ન કરે, કર્યા બાદ અધુરૂં મુકી દે અને તેમને ટેમ્પરરી જગ્યાનું ભાડું આપવાનું પણ બંધ કરે તો તેવા સંજોગોમાં, જ્ઞાતિના આપણાં આ ૧૦૪ પરિવારોના હિતનું શું?

૨. આ નવા બાંધકામમાં ફ્લેટો માટે જે ૩૦૦૦ ફુટની સીક્યુરીટી રાખવામાં આવી છે. તે જરૂર પડયે ભાડુતોના ફ્લેટના બાંધકામ પુરું કરવા માટે ઉપયોગી થઈ શકશે નહી.

૩. નવી બિલ્ડીંગો, ઉપાશ્રય, જિનાલયના પ્લાન MOU સાથે જોડવામાં આવેલ નથી. તથા દેરાસરજી, ઉપાશ્રયનું સ્થાન ક્યાં હશે? તે જણાવાયેલ નથી આ અનિશ્ચીતતા ગંભીર ક્ષતિ સમાન છે.

૪. ભાડુતો પર સ્ટેમ્પ ડયુટી ભરવાની જવાબદારી નાખવામાં આવી છે. તે પણ બરોબર નથી. ડેવલપર જ આ સ્ટેમ્પ ડયુટી ભરે તેવી પ્રસ્થાપિત પ્રથા છે.

'અનંતછાયા' પ્રશ્ને આપે સોંપેલ જવાબદારીને પાર પાડવા અમોએ આદરેલ આ પ્રયાસમાં અને તાજેતરમાં થયેલ જ્ઞાતિ જનજાગરણ અભિયાન દરમ્યાન આ બાબતે વ્યક્ત થયેલ જ્ઞાતિના સુરને જોતાં, પ્રસ્તુત મુદ્દાઓને સમજી પૂર્વાગ્રહ કે અહંમને ઓગાળી જ્ઞાતિની લાગણી અને તેના વિશાળ હિતમાં ખુલ્લા મને સ્વીકારી, તેવો નિર્ણય લઈ તેની યોગ્ય રજુઆત હજુ પણ નામદાર ચેરીટી કમીશનરશ્રીને કરી શકાય તેમ છે અને આ પ્રશ્નના સમાધાન અર્થે તેમ કરવું જરૂરી જણાય છે.

સમય મર્યાદાને ધ્યાનમાં રાખી, બુધવાર તા.૨૬-૧૨-૧૨ સુધીમાં આપનો પ્રત્યુતર અથવા આપશ્રીઓની ટ્રસ્ટબોર્ડની તે દિવસની સભામાં અમને મુલાકાતનો સમય આપવા વિનંતી કરીએ છીએ. જેથી અમો આ બાબતે નિર્ણય લઈ, જ્ઞાતિના વિશાળ હિત અને તેની અપેક્ષા સંતોષવા આ અંગેની આગામી કાર્યવાહી સમયસર નક્કી કરી શકીએ.

લિ.

**સેક્રેટરી જનરલ**

**(ચીમન મોતા)**


K. Dixit

રીયલ ડાયમંડ જ્વેલરી

કૌશિક રાયચંદ શાહ (પટેલ)

(સાંધાણ – ઘાટકોપર)

98204 57676



વગર દવાએ સરળ ઉપચારથી રજવાડીઠાઠથી જીવવાની કળા

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

Mob.: 9820002953 • Tel.: 022-24121234

જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

ન કોઈની માથે, સદા સૌથીની સાથે

**શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**

**કાર્યાલયઃ** C/o. સેક્રેટરી જનરલ, ૧૯-૨૦ મોનાણી સદન, ૧લે માળે, નેહરૂ રોડ, મુલુંડ (વે.),મુંબઈ-80

**સંપર્ક સૂત્ર :** 022-25903514-5-6 ● e-mail : samastmahajan@gmail.com

## મહાસમિતિની સભા

**શનિ. તા.૨૬-૦૧-૧૩ (પ્રજાસત્તાક દિન) બપોરે ૩.૦૦ કલાકે**

સ્થળ : મુંબઈ મહાજન આયોજીત વ્યાપાર મેળામાં, નિલમ નગર (કન્સ્ટ્રક્શન સાઈટ), કન્ટેઈનર યાર્ડની બાજુમાં, લીન્ક રોડ, નાહુર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.

## ટ્રસ્ટબોર્ડની સભા

**શનિ તા.૨૬-૧-૧૩ રાત્રે ૮.૩૦ ક.** સંસ્થાના કાર્યાલયે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦

## સંસ્થાકિય સંયુક્ત સભા

**રવિ. તા.૨૭-૧-૧૩ના સવારે : ૯.૩૦ ક. થી સાંજે ૪.૩૦ ક. સુધી**

સ્થળ : જગન્નાથ બેંકવેટ હોલ, એલ.બી.એસ. માર્ગ, ડ્રીમ મોલ પાસે, ICICI બેંકની ઉપર, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૭૮.

જ્ઞાતિના સર્વે મહાજનો, ટ્રસ્ટો, મંડળો અને સંસ્થાઓના પદાધિકારીઓ, આગેવાનો તથા કાર્યકરોની સભામાં જ્ઞાતિમાં ઉદ્ભવતી અને સંતોષાતી **શૈક્ષણિક, વૈદકિય અને સાધર્મિક** નાણાકીય સહાયને સંકલીત કરી, કેન્દ્રવર્તી બનાવવા **"વન વીન્ડો સીસ્ટમ"** કાર્યાન્વિત કરવા ઉપરાંત જ્ઞાતિના રીત રીવાજો, પ્રથા-પરંપરાઓ પર સમયોચિત ફેરફારો પર ચર્ચા વિચારણા કરવામાં આવશે.

આ સભા માટે એકમો, મહાજનો, ટ્રસ્ટો, મંડળો અને સંસ્થાઓને પત્રો મોકલાવાયેલ છે. તેમ છતાં કારણવશાત ન મળ્યો હોય, કે ધ્યાન બહાર રહ્યું હોય તો આ વિજ્ઞપ્તીને સ્વીકારી, જ્ઞાતિ વિકાસના કાર્યમાં આગેવાનો, કાર્યકરો સૌએ સામેલ થવા હાર્દિક આમંત્રણ છે.

આ અંગેના આપના વિચારો-સૂચનો અમને **તા.૨૦-૦૧-૧૩** સુધી કાર્યાલયે મળી રહે તે મુજબ મોકલી આપવા વિનંતી.

પ્રારંભે ચા પાણી, બપોરે મધ્યાહન ભોજન અને સાંજે છુટા પડતા ચા-અલ્પાહાર રહેશે.

પધારનાર સૌએ પોતાના આવાગમનની જાણ સમયસર કરવા ખાસ અનુરોધ છે. જેથી વ્યવસ્થામાં સુગમતા રહે.

- ત્રણે બેઠકની કાર્યસુચિનો પરિપત્ર સૌને ટપાલ દ્વારા મોકલાયેલ છે.
- આપના સરનામા ફેરબદલ હોય તો જણાવવા વિનંતી છે.
- દેશાવળથી પધારનારાઓને રહેવાની વ્યવસ્થા અંગે આગોતરી જાણ કરાશે તો વ્યવસ્થા કરવામાં આવશે.
- સંસ્થાકીય સભામાં પધારનારા માટે ડ્રીમ મોલમાં પે એન્ડ પાર્કિંગની વ્યવસ્થા છે.

***ચીમન મોતા***
***(સેક્રેટરી જનરલ)***

॥ શ્રી મોમાઈ માતાય નમઃ ॥

## શ્રી મોમાઈ માતાજી–મોમાયા પરિવાર (સાંયરા)

સહર્ષ જણાવવાનું કે આપણાં કુળદેવી શ્રી મોમાઈ માતાજીની પહેડી અને ધ્વજા ચૈત્ર સુદ ૧ ને ગુરૂવાર **તા.૧૧-૪-૧૩** તથા શ્રી ભોઈમાની ગંધી બદલવાનો કાર્યક્રમ ચૈત્ર સુદ ૨ ને શુક્રવાર **તા.૧૨-૪-૧૩**ના રોજ સાંયરા મધ્યે યોજેલ છે. સાંયરામાં શ્રી મોમાઈ માતાજીને નમતા ભાવિકો સપરિવાર એવમ્ નિયાણી બહેનો/દીકરીઓ સપરિવારને સાંયરા પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.

સ્થાનિકમાં વ્યવસ્થા સાચવવા અગાઉથી જણાવવા મહેરબાની કરશોજી.

ખુશાલીપૂર્વક જણાવવાનું કે મુંબઈમાં શ્રી મોમાઈ માતાજીની ત્રીજી પહેડી વૈશાખ સુદ ૯ ને રવિવાર **તા.૧૯-૫-૧૩**નાં રોજ શ્રી કપોળવાડી-ઘાટકોપર મધ્યે રાખેલ છે. જેના દાતા **માતુશ્રી ખેતબાઈ મેઘજી મોમાયા (પટેલ) પરિવાર હ. શ્રી મહેન્દ્રભાઈ** (રાજકોટ) છે. જેમાં પણ આપ સૌને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

નોંધ : સ્થાનિકમાં આપણી આસ્થાને જીવંત રાખવા સ્વેચ્છાએ **શ્રીમતી સીમાબેન લબ્ધિકુમાર મોમાયા (ગાંધીધામ)** પરિવારે અમુલ્ય યોગદાનથી શ્રી મોમાઈ માતાજીનાં મંદિરને શુશોભિત કરેલ છે જે સહયોગ અનુમોદનીય અને ધન્યવાદને પાત્ર છે.

**નિમંત્રક : ભોઈમા જયાબાઈ નવિનચંદ મોમાયા તથા મોમાઈ માતાજી પરિવાર**

**-: સંપર્ક :-**

**શ્રી લબ્ધિકુમાર મોમાયા (ગાંધીધામ) – 098253 51001**
**શ્રી મહેન્દ્રભાઈ મોમાયા (રાજકોટ) – 090997 00444**
**શ્રી હિરાચંદભાઈ મોમાયા (ઘાટકોપર) – 098703 36826**
**શ્રી ધનપતિભાઈ મોમાયા (જલગામ) – 094231 85716**
**શ્રી શ્રેણીકભાઈ મોમાયા (મુલુન્ડ) – 093237 85320**

## સાંધવમાં બિરાજમાન દંડ પરિવારના કુળદેવી શ્રી દેશરમા અને ભલારાદાદાના સ્થાનકના જિર્ણોધ્ધાર પ્રસંગે...

**હાર્દિક આમંત્રણ**

**સાંધવ** (કચ્છ)માં બિરાજમાન દંડ **પરિવાર**ના કુળદેવી શ્રી દેશરમા અને શ્રી ભલારાદાદાના સ્થાનનું જિર્ણોધ્ધાર કરવા તા.૧૬-૧-૧૩ના રોજ શુભ મુર્હતે માતાજી તથા ભલારાદાદાની મુર્તિની વિધિપુર્વક ઉત્થાપના કરી તા.૨૮-૧-૧૩ના શુભ મુર્હતે નવા સ્થાનકનું ખાતમુર્હત તથા પાયાવિધિ કાર્યક્રમ યોજેલ છે જે પ્રસંગે સર્વે ભાવિકોને પધારવા નમ્ર વિનંતી છે.

**લિ. જેઠાલાલ ચાંપશી દંડ (સાંધવ)**

## શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

૩૦૨-૩૦૬ નરશી નાથા સ્ટ્રીટ,
મસ્જીદબંદર, મુંબઈ-૪૦૦૦૦૯.
E-mail : shethnnmedical@gmail.com

૪૫૦થી અધિક જ્ઞાતિજનોની મેડીક્લેઈમ પોલીસી બાબત તેમના ક્લેઈમ અને જરૂરી માર્ગદર્શન વગેરે ઓફિસકામ સંભાળી શકે તેવા ટ્રસ્ટ/વીમાક્ષેત્રે સંકળાયેલા અનુભવી, મુંબઈ સ્થિત જ્ઞાતિજનની યથાયોગ્ય વળતરથી નિમણુંક કરવાની છે.

ઈચ્છુક અનુભવી, બાહોશ અને જ્ઞાતિદાઝ ધરાવતા જ્ઞાતિ સભ્ય હોવા જોઈએ. પોતાની અરજી બંધ કવરમાં ટ્રસ્ટની ઓફિસે અથવા Email દ્વારા તા.૧૫-૧-૧૩ સુધીમાં મોકલી આપવાની રહેશે.

**શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વતી ટ્રસ્ટીગણ**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

દ્વારા

**દિવસ ૧ : તા. ૨૬-૧-૧૩, સવારે ૧૦ થી ૫ - પ્રજાસત્તાકદિને**

## રકતદાન શિબિર

**દિવસ ૨ : તા. ૨૭-૧-૧૩, રવિવાર, સવારે ૧૧થી ૧૨**

**'પેનલ ડીસ્કશન'**

**શ્રી ડો. રાજેન્દ્ર કુરવા, શ્રી કુલીનકાંત લુઠીયા (માનવજયોત),**
**શ્રી વસંત ગલીયા**

દ્વારા

હોસ્પીટલ, ડોકટરર્સ, મેડીસીન, મેડીકલ સહાય, મેડીકેલમ પોલીસી, ઈન્સ્યુરન્સ અને માંદગી દરમ્યાન મુંઝવતા ઘણા બધા પ્રશ્નોના નિરાકરણ અને માર્ગદર્શન

## સ્થળ : કેડીઓ ટ્રેડ ફેર 2013

સેનરૂફ ગ્રાઉન્ડ નીલમ રીયલેટર્સ- મુલુંડ - ગોરેગાંવ લીંક રોડ નાહુર (ઈ)

વિશેષ માહિતી માટે સંપર્ક : મુલચંદભાઈ મોતા - ૦૯૯૬૯૧૮૫૨૭૨

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

ના ઉપક્રમે

eduspark
let us light, the light within

# એડયુસપાર્ક-એજયુકેશન સમિતિ

દ્વારા

## પ્રાથમિક ત્થા ઉચ્ચશિક્ષણ માટે માગદર્શન-પેનલ ડીસ્કસન

### પ્રોફેસર શૈલેષ નાગડા સાથે

પેન્લીસ્ટ- મહાનુભાવો ની ઉપસ્થિતીમાં ટેકનોલોજી દ્વારા એજયુકેશન, વિદેશમાં ભણતર, ઉચ્ચ શિક્ષણ માટે લોન ત્થા વિવિધ બાબતો

**તા. ૨૭-૧-૨૦૧૩, રવિવાર, સાંજે ૪ થી ૬**

**સ્થળ : કેડીઓ ટ્રેડ ફેર 2013**

**સેનરૂફ ગ્રાઉન્ડ નીલમ રીયલેટર્સ- મુલુંડ - ગોરેગાંવ લીંક રોડ નાહુર (ઈ)**

વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓએ રજીસ્ટર કરાવવું જરૂરી. (વાલીઓએ અવશ્ય હાજરી આપવી)

સંપર્ક : પોલોમી ધરમશી - ૦૯૮૨૧૩૩૫૮૮૮, કવિતા ધરમશી - ૦૯૮૭૦૨૦૨૨૨૭

Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા લેવામાં આવશે.

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ.

---

કચ્છીઓ માટે અબડાસાના મુખ્ય મથક
નલીયામાં રોકાણની સુવર્ણ તક...

## સહારા ડેવલોપર્સ

(Reg. No.GUJ-61008)

**સહારા ડેવલોપર્સનું નવું સાહસ**

ગ્રીનસીટી, ગ્રીનપાર્ક, મારૂ રેસીડેન્સી તથા મહાવીર નગરની સફળતા બાદ સહારા ડેવલોપર્સ આપણી સમક્ષ લાવે છે... અબડાસાના મુખ્ય મથક **નલીયામાં 'સહારા નગર'** અનેક સુવિધા સાથે બાઉન્ડ્રી, સીસી રોડ, લાઈટ, પાણી, વડીલો માટે દાદા-દાદીનું ગાર્ડન, બાળકો માટે ચિલ્ડ્રન્સ ગાર્ડન, અલાયદો પાર્ટી પ્લોટ તથા આકર્ષક મુખ્ય પ્રવેશદ્વાર સાથે વહેલો તે પહેલોના ધોરણે, સરળ હપ્તાથી બુકીંગ ચાલુ છે. સંપૂર્ણ શાંત, રમણીય તથા નૈસર્ગિક વાતાવરણ સાથે આકર્ષક ઈનામોની વણઝાર....

-: સંપર્ક :-

**સરલાબેન મારૂ** - 9892888833/9820940796
**કેશવજીભાઈ મારૂ** - 9819885305 / 9967322096
**પ્રવિણભાઈ દેઢિયા** - 9323339401 / 9172065925/ 9892417794

---

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બાયઠ

**સ્નેહમિલન આમંત્રણ**

સર્વે ક.દ.ઓ. બાયઠવાસીઓ અને નિયાણી બહેનોને બાયઠના સ્નેહમિલન રવિ. ૨૪-૨-૧૩ના સાંજે ૪થી ૯માં સપરિવાર પધારવા આમંત્રણ છે.

-: સ્થળ :-
શેઠ નરશી નાથા સભાગૃહ (AC હોલ)
LBS માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮.

-: સૌજન્ય દાતા :-
**માતુશ્રી મમુબાઈ નરશી લધાભાઈ પોલડીયા
સમસ્ત પરિવાર (બાયઠ)**

સર્વેને સમયસર પધારવા વિનંતી છે. આપણી નિયાણી બહેનોને પણ આ કાર્યક્રમ બાબત જાણ કરશોજી.

-: નિમંત્રક :-
શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન - બાયઠ વતી
વ્યવસ્થાપક સમિતિ

---

## જીવનસાથીની શોધ

લગ્ન એટલે બે જીવોનો સંબંધ અને બે પવિત્ર આત્માઓનું મિલન લગ્ન કરવા ઉત્સુક બે વ્યક્તિઓનો મેળાપ કરાવે છે 'અસાંજો કચ્છ ડોટ કોમ' વેબસાઈટ. તો આજે જ www.matrimony.asanjokutch.com પર ઓનલાઈન જઈને રજીસ્ટ્રેશન કરો. વધુ વિગત માટે

**સંપર્ક : દિપક કારાણી 29674007 / 8 / 9**

---

**શુભેચ્છા સહ...**

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

---

## નોકરી જોઈએ

ક.દ.ઓ. જ્ઞાતિજન વય ૪૫, ટ્રાન્સપોર્ટ, અનુભવીને નોકરી જોઈએ છે. કોઈપણ ક્ષેત્રમાં હાર્ડ વર્ક કરી શકે છે. કૃપયા તુરંત સંપર્ક કરશો. C/o. **મુકેશભાઈ - 9833664426**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO દશાઓની નવી દિશા

## શ્રી કચ્છી દશા ઓશવાલ ડોંબીવલી મંડળ તથા શ્રી. ક. દ.ઓ. સ્ટુડન્ટ એસોસીયેશન

આયોજીત

# Khel... KDO Khel...2013

**Date : 26-1-2013 (All Games Common For Boys & Girls)**

Age Group 12-16 : 100mtrs, 200mtrs (Relay), Sack Race, 3 Legged Race, Lemon Spoon, Chocolate Loot
Age Group 17-25 : 100mtrs, 200mtrs (Relay), Sack Race, Short Put, Lemon Spoon, Chocolate Loot.
Age Group 25 & above : 2 Legged Race, Sack Race , Book Balance, Potato Race
Age Group Common : One Minute Games, Musical Chair

**Date : 27-1-2013, Sunday**

Group Games : Volley Ball and Kho - Kho (for Boys And girls), Dose Ball (Only for Girls)
(To Register for your Team Contact Hemil Dand - 9819985339)

**1st & 2nd winner Trophy will be Distributed on 27-1-13 at 6.00 pm**

Venue :- Senroof Ground, Neelam Relaters , Mulund Goregaon Link Road, Nahur (E)

**For More Details Contact :-**

Virendra Lodaya - 9821073830, Ajay Lodaya - 9892372777
Mayank Momaya - 9022295750(Bhandup), Anuj Lodaya - 9579787800 (Chembur)
Urvi Shah - 9757422890 (Thane) Dhara Lodaya - 9819462131 (Dombivali)




**ENTRY PASS : Rs. 300/- p.p. (Non transferrable, Non refundable)**
**(on the basis of First come first)**

## બદલો

– પ્રવીણ ખોના

આસરે ૪૫ વર્ષ પહેલાંની વાત છે (૧૯૬૮-૬૯) મારા એક ક્લાયન્ટ મી. ડી'સોઝાનું ઇન્કમ ટેક્ષનું રીટર્ન ભરેલ જે પ્રમાણે તેમને ટેક્ષના રૂા.૩૫૦ ભરવાના થયા હતા. તે વખતે સેલ્ફ એસસમેન્ટ ટેક્ષ ભરવાનું માટે કાયદામાં જોગવાઈ ન હતી. એએસમેન્ટ બાદ જેટલું ટેક્ષ ભરવાને આવે તેટલી રકમનું ચલન ઇન્મટેક્ષ ઓફીસર મોકલાવે અને તેના પૈસા રીઝર્વ બેંકમાં ભરવાના રહેલા. ઇન્કમટેક્ષના ક્લાર્કે ભૂલથી રૂા.૩૫૦નું ચલન તૈયાર કરવાને બદલે રૂા.૩૫,૦૦૦ના રીફંડનો ચેક બનાવી તેના ઉપર ઇન્કમટેક્ષ ઓફીસરની સહી કરાવી તે મી.ડી'સોઝાને મોકલી આપ્યો. તે વખતે ઇન્કમટેક્ષ ઓફીસરને વિશાળ સત્તાઓ હતી, અને તેના કામનું અત્યારની જેમ રૂટીન ચેકીંગ નહોતું થતું. રીફંડનો ચેક મળતાંજ મી.ડી'સોઝા મારી ઓફીસે દોડતા આવ્યા, અને ચેક મને આપ્યો. મેં એમને કીધું કે તમારા રીટર્ન પ્રમાણે તમારે ટેક્ષના રૂા.૩૫૦ ભરવાના રહે છે. પરંતુ ભૂલથી તમને રૂા.૩૫,૦૦૦ના રીફંડનો ચેક મોકલી દેવામાં આવ્યો છે. કાં તો ચેક ઇન્કમટેક્ષ ઓફીસરને પાછો મોકલાવો, યા તમારા બેંક ખાતામાં ભરી છે, અને જ્યારે ઇન્કમટેક્ષ ઓફીસને આ ભૂલ જાણમાં આવશે, ત્યારે તમારી પાસેથી રૂા.૩૫,૦૦૦ પાછા માંગશે, ત્યારે આપી દેજો. શું કરવું તેનો નિર્ણય તમારે લેવાનો છે. મી.ડી'સોઝા એક સાચા ઇમાનદાર ખ્રીસ્તી હતા. રૂા.૩૫,૦૦૦ની રકમ તે દિવસોમાં નાની ન હતી. એમણે તરતજ કીધું. ચેક પાછો મોકલાવી છે, અને મારે ભરવાના રહેતા રૂા.૩૫૦નો પણ મારો ચેક લઈ ટેક્ષના પૈસા ભરાવી દો. એમનો નિર્ણય કોઈકને વેદીયાપણું કે મૂર્ખાઈ લાગશે, પરંતુ મી.ડી'સોઝા નેક ઇન્સાન હતા.

બીજે દિવસે હું રૂા.૩૫,૦૦૦ નો ચેક ઇન્કમટેક્ષ ઓફીસરને પાછો આપવા ગયો. વાત સાંભળીને ઓફીસર જેમનું નામ મી. જકાતી હતું, તેમની આંખોમાં આંસુ આવી ગયા. એમણે કીધું, જો આ ચેકના પૈસા તમે વસુલ કરી લીધા હોત. તો જ્યારે આ ભૂલ બહાર આવત ત્યારે મને નોકરીમાંથી પાણીચું મળત. અને મેં ઇન્કમટેક્ષ રીફંડના જેટલા ચેકો ઇસ્યુ કરેલ છે તેની ચકાસણી થાત મારા ઉપર અનેક આરોપો મૂકાત. મી.જકાતી પણ ઇમાનદાર ઓફીસર હતા. મેં સાહેબને કિધું, મી.ડી'સોઝાએ ટેક્ષમાં તેમને ભરવાનો રૂા.૩૫૦નો ચેક પણ આપેલ છે. એમણે ક્લાર્કને બોલાવી તેની ભૂલ બતાડી, રેકોર્ડ સુધરાવ્યા અને ક્લાર્કને રૂા.૩૫૦ના ટેક્ષનું ચલન બનાવીને ઇન્કટેક્ષ ઓફીસમાંના રીઝર્વ બેંકના કાઉન્ટર ઉપર ભરવા જણાવ્યું. તે દિવસોમાં નેશનલાઈઝડ બેંકોને ટેક્ષના પૈસા લેવાની સત્તા ન હતી. ટેક્ષના પૈસા રીઝર્વ બેંક કે સ્ટેટ બેંકમાં ભરવાના રહેતા. જનતાની સગવડ ખાતર ઇન્કમટેક્ષ ઓફીસના મકાનમાં રીઝર્વ બેંકનું એક કાઉન્ટર રહેતું. જ્યાં ટેક્ષના પૈસા ભરી શકાતા.

ઇન્કમટેક્ષ ઓફીસર મી.જકાતીએ મને બદલો ચૂકવી દીધો. મારી બેગ ચોરાઈ ગઈ. જેમાં મારા કેટલાક ક્લાયન્ટોની ફાઇલો હતી. એક કલાયન્ટની ફાઇલમાં તેણે ચૂકવેલા રૂા.એક લાખ ઉપરની રકમના એડવાન્સ ટેક્ષના ચલન હતા. તેમનો કેસ મી. જકાતી પાસેજ હતો. મેં તેમને વાત કરી કે, મારી બેગ ચોરાઈ ગઈ છે, જેની અંદર એડવાન્સ ટેક્ષના ભરેલ રૂા. એક લાખ ઉપરની રકમના ચલન હતા. તે વખતે ચલનનો ચોથો કાઉન્ટર રીટર્ન સાથે લગાવવાની પધ્ધતિ ન હતી.

એસેસમેન્ટ વખતે તે ચલન ટેક્ષ ક્રેડીટ માટે રજૂ કરવાનો રહેતો. ચલન ચોરાઈ ગયા હોવાથી તેમને એસેસમેન્ટ વખતે રજૂ કરી શકવાની શક્યતા જ ન હતી. મી. જકાતી કહે વાંધો નહીં. મને તારા ઉપર વિશ્વાસ છે. તું બેંક સ્ટેટમેન્ટ રજૂ કર જેની અંદર ટેક્ષના પૈસા ભરેલા બતાવેલા હોય. તે વખતે ઝરોક્ષની પ્રથા પણ ન હતી. મેં બેંક સ્ટેટમેન્ટ રજૂ કર્યા, જેને તપાસીને જકાતી સાહેબે ભરેલ એડવાન્સ ટેક્ષની રકમની ક્રેડીટ આપી દીધી. જો એમણે રીઝર્વ બેંક પાસેથી ટેક્ષ ભર્યાનું સર્ટીફીકેટ લાવવાનું કીધું હોત તો મૂશ્કેલી સર્જાત. કારણ કે રીઝર્વ બેંકની કલ્યાણ બ્રાંચમાં પૈસા ભરાયેલ તેથી સર્ટીફીકેટ ત્યાંથી લાવવાનું રહેલ.

મી.ડી'સોઝાની એક અન્ય વાત, તેઓ નેશનલ એન્ડ ગ્રીનલેંડ બેંકમાં ક્રેડીટ સર્વે મેનેજર હતા. તેમણે બઝારોમાં ફરીને બેંકના ઘરાકો અને અન્ય પાર્ટીઓના ધંધા-પાણી અંગે અને તેમની ક્રેડીટ વર્ધીનેસ બારામાં માહિતિ મેળવવાની રહેતી. આજની જેમ બેંકમાંજ બેઠાં બેઠાં ગ્રાહકો અંગે ક્રેડીટ વર્ધીનેસ અંગે રીપોર્ટ તૈયાર કરવાના નહોતા રહેતા. બેંકમાં ૪૮ વર્ષની સર્વીસ એક પણ દિવસની સીક લીવ લીધા શીવાયની, કારકીર્દી બાદ ૬૮ વર્ષની ઉંમરે રીટાયર થતા હતા. (સર્વીસ માટે ઉમરની પાબંદી ન હતી.) ૪૮ વર્ષના કારકીર્દી દરમ્યાન એકેય દિવસની સીકલીવ નહોતી લીધી.

બેંક દ્વારા સ્ટાફ માટે ચલાવતી પ્રોવીડંડ ફંડ સ્કીમને ૧૯૫૪ના આસપાસ ઇન્કમટેક્ષ કમીશનરની માન્યતા મળી.

તે પહેલાં બેંકમાં ઘણા વર્ષોથી માન્યતા વગરની પ્રોવીડંડ ફંડની સ્કીમ ચાલતી હતી. ઈન્કમટેક્ષના કાયદાનુંસાર, જ્યારે કોઈ રીટાયર થાય, ત્યારે સ્કીમની માન્યતા પહેલાંની પ્રો.ફંડમાં તેના ખાતે જમા રહેતી રકમ માન્યતા મળ્યા બાદ તેના ખાતે ટ્રાન્સફર કરવામાં આવતી. કર્મચારીને રીટાયર થતાં જે સદર રકમ મળે તેના ઉપર ઈન્કમટેક્ષ ભરવો પડે. બેંકે સ્ટાફને ખાત્રી આપેલ કે, જો આવું કોઈ ટેક્ષ ભરવાનું આવશે. તો કર્મચારીનું તે ટેક્ષ બેંક ભરશે. એટલે મી.ડી'સોઝા રીટાયર થતાં તેમને મળતી પ્રોવીડંડ ફંડની માન્યતા પહેલાંની તેમને ખાતે જમા રકમ ઉપર બેંકે આપવાના ટેક્ષની રકમનો ચેક બેંકે બનાવીને તૈયાર રાખેલ.તે વખતે પગારની રકમ ઉપર ટેક્ષ કાપવાની કાયદેસરની જરૂરત ન હતી. જ્યારે મી.ડી'સોઝા રીટર્ન ભરાવવા આવ્યા ત્યારે તેમણે પ્રોવીડંડ ફંડની મળનારી રકમ અને બેંકે તૈયાર કરેલ ટેક્ષની રકમના ચેક અંગે મને વાત કરી. મને આ બાબત અંગે વધુ વિચારણા અને તપાસ કરવાની જરૂરીયાત જણાઈ. મેં મી.ડી'સોઝાને પૂછ્યું કે પ્રોવીડંડ ફંડ સ્કીમ બાબત તેમની પાસે કંઈ કાગળો છે? એમણે કીધું કે, તે બાબત અંગે એમને ખાસ જાણકારી નથી, પરંતુ બેંક તરફથી મળેલા સર્વે કાગળો-પગાર સહિતના-તેમણે એક બેગમાં સાચવી મૂક્યા છે. મેં એમને તે બેગ લઈ આવવા જણાવ્યું.

બેગ આવતાં તેમાંના સર્વે કાગળો મેં જોવા માંડ્યા. તેમાંથી પ્રોવીડંડ ફંડ અંગેનો એક અગત્યનો કાગળ મળ્યો. બેંકે માન્યતા વગરની પ્રોવીડંડ ફંડ સ્કીમ ખૂબજ સારી રીતે ચલાવેલ. અને પ્રોવીડંડ ફંડના ભંડોળની રકમ પોતાની પાસે ન રાખતાં સરકારી સીક્યુરીટીઝમાં રોકેલ. તે કારણસર, ઈંકમટેક્ષ કમીશ્નરે પ્રોવીડંડ ફંડની સ્કીમને મંજૂરી આપતાં માન્યતા પહેલાંની કર્મચારીઓ ખાતે જમા રહેતી રકમ, રીટાયર થતાં કર્મચારીનો મળે તે વખતે તેને ટેક્ષ ન લાગશે એવી છૂટ આપેલ. તે અંગેના કમીશ્નરના કાગળની નકલ બેગમાંથી મળેલ. 'સંઘર્યો સાપ પણ કામનો' એ કહેવત અહીં યથાર્થ ઠરી. ઝેરોક્સની શોધ ન થઈ હોવાથી, સદર કાગળની એક નકલ ટાઈપ કરાવીને બેંકને મોકલેલ અને પત્ર લખીને જણાવેલ કે. બેંકે પ્રોવીડંડ ફંડની મી.ડી'સોઝાને મળતી રકમ પર ટેક્ષ ભરવાની જરૂરત ન હતી. જૂના રેકોર્ડ જોઈને સદર કાગળ શોધી કાઢવા પણ બેંકનો જણાવેલ. અંતે શોધખોળ બાદ બેંકને કમીશ્નરનો છૂટ આપતો પત્ર મળ્યો. બેંક તો ખૂશ ખૂશ થઈ ગઈ. મી.ડી'સોઝા અને તેમના બાદ રીટાયર થતા સર્વે કર્મચારીઓને માન્યતા પહેલાંની પ્રોવીડંડ ફંડની રકમ ઉપર બેંકે આપવાની મોટી રકમના ટેક્ષનો બચત થઈ.

બેંકે મારો આભાર માનતો પત્ર લખ્યો. સાથે વગર માંગ્યે રૂા.૭૫૦ નો ચેક માનદ્ સલાહ માટે પણ મોકલ્યો.

કહેવાનું તાત્પર્ય એટલુંજ કે, અગત્યના કાગળો અને રેકોર્ડ સાચવી રાખવા જરૂરી છે. આવા કાગળોની ગેરહાજરીમાં આપણે સાચા હોવા છતાંય ખોટા પૂરવાર થઈએ છીએ. આ ઉપરાંત ક્યારેય સારા પરીણામ ની આશાનો ત્યાગ ન કરવો. કોણ જાણે ક્યારે તે આશા ફળીભૂત થાય.

મિ.ડી'સોઝા રીટાયર થતા બાદ બીમાર રહેવા લાગ્યા. પ્રવૃતિમય જીંદગીને બ્રેક લાગી ગઈ હતી. અંત નજીક સમજીને એક દિવસ મારી ઓફીસે આવી ચઢ્યા. મારા ટેબલ ઉપર એક પારકર પેન, એક સેફર પેન, સોનાના બટન અને કપલીંક્સ તથા કેટલીક માન્ય ચીજો મૂકી. મને કહે, આ મારા અંગત વપરાસની ચીજો છે, મારા સંતાનોને મારા સેવીંગ્સ અને બેંક બેલેન્સમાં રસ છે. તેથી મારી આ ચીજો તને આપી જાઊં છું. રવિવારે ૧૨ વાગ્યે મારા ઘેર આવી જજે મારા સંતાનોને પણ બોલાવેલ છે. મારી માલ-મિલકતની વહેચણી સંતાનોમાં કરી નાખીશ.

રવિવારે એમના ઘેર માહિમ ગયો. એમની ત્રણ પૂત્રીઓ અને ત્રણ જમાઈ હાજર હતા. કહો મારો દિકરો લંડન ખાતે ગ્રીન્ડલેન્સ બેંકમાં બ્રાંચ મેનેજર છે. અંગ્રેજ છોકરીને પરણ્યો છે. મારી માલ-મિલ્કતમાં એને જરાય રસ નથી.

હાજર ત્રણ છોકરીઓમાંથી એક એર ઈન્ડીયામાં એર હોસ્ટેસ હતી. બીજી એરપોર્ટ પર એર ઈન્ડીયાની ઓફીસમાં મેનેજર હતી. એક જમાઈ નેવીમાં હતો, જે ત્યારે વેકેશન પર હતો.

પહોચ્યા પછી મેં ચા પીધી, જ્યારે દિકરી અને જમાઈઓએ ડ્રીંક્સ લીધા.

પછી મી.ડી'સોઝએ પોતાની માલ-મિલ્કતના બારામાં માહિતિ આપી. અને કોને શું જોઈએ છે તેના બારામાં દિકરીઓ જમાઈઓને પુછ્યું. ચર્ચા અને દલીલો ચાલુ થઈ મી.ડી'સોઝાના બાકીના દિવસો માટે તથા તેમની પત્નિ માટે કંઈપણ જોગવાઈ રાખવા દિકરી-જમાઈઓ તૈયાર ન હતા. મેં તે માટે સૂચન કર્યું. પરંતુ દલીલો વધુ ઉગ્ર બની. મી. ડીસોઝા પણ ખિન્ન થઈ ગયા. મારૂં અપમાન ન થાય તે દષ્ટિએ તેમણે મને ગ્લાનિપૂર્વક વિનંતિ કરતાં મેં તેમની વિદાય લીધી.

ત્યારબાદ અમારો કોઈ સંપર્ક ન રહ્યો. આજે, ચાલીસેક વર્ષ પછી મી. ડીસોઝા સાથેના સંબંધો યાદ આવ્યા ત્યારે સાથે સાથે એમ પણ લાગ્યા વિના રહેતું નથી કે પાછલી ઉંમરે પોતાની સંપત્તિની વહેંચાણી કરતી વેળા, સંતાનો તરફથી આંચકો અનુભવતા મી. ડીસોઝા આજે પણ ઠેરઠેર જીવી રહ્યા છે!

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

KDO GRUhA UDHYOG

KDO દશાઓની નવી દિશા

## માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ

દ્વારા

મુંબઈ મહાજન ટ્રેડફેર - 2013

તા. 26-1-13 તથા તા. 27-1-13 માં

ગૃહઉદ્યોગની મીઠાઈ,

ફરસાણ-ખાખરા-અથાણા તથા

વિવિધ આઈટમોનું વેચાણ સ્ટોલ રહેશે.

**સર્વે જ્ઞાતિજનોને વિનંતી....**
**સ્ટોલની મુલાકાતે જરૂરથી**
**પધારશોજી**

**સ્થળ : સેનરૂફ ગ્રાઉન્ડ નીલમ રીયલેટર્સ**
**મુલુંડ-ગોરેગાંવ લીંક રોડ, નાહુર (ઈ)**

ઓર્ડર બુકીંગ માટે

રાયચંદ લોડાયા - મો. 09821131206

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

KDO દશાઓની નવી દિશા

## શ્રી ક. દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

## મહિલા ઉત્કર્ષ મંચ

**તા. ૨૭-૧-૧૩, રવિવાર, બપોરે ૨ થી ૪**

**આપણી જ્ઞાતિની વિવિધ ક્ષેત્રે**
**આગેવાન મહિલાઓની પેનલ**
**મારફતે**

## પેનલ ડીસ્કશન

જ્ઞાતિની મહિલાઓને જરૂરથી
પધારવાનું આગ્રહ ભર્યું આમંત્રણ

**સ્થળ : સેનરૂફ ગ્રાઉન્ડ નીલમ રીયલેટર્સ**
**મુલુંડ-ગોરેગાંવ લીંક રોડ, નાહુર (ઈ)**

**સંપર્ક :**

**દીપ્તી ધરમશી - ૦૮૧૦૮૩૨૧૦૯**

## SHREE KDO STUDENTS ASSOCIATION

K.D.O. STUDENTS ASSOCIATION

**Date : 20/01/2013 @ 9:30 AM**

**CHESS COMPETITION • Age group (16+) & (16-)**

**Art Competition "WAR OF TALENTS"**

| Age (15+) | Age (15-) |
|---|---|
| Bharat Work, Aarti Decoration Pot Painting, Tatoo Making, Rangoli, Gahuli, Mehandi, Sudoku, Nail Art | Aarti decoration, Hand Writing, Waste Into Best, Rangoli, Gahuli, Drawing, Poetry Writing |

**Venue : Anant Chhaya Ground, 60 Feet Road, Ghatkopar (East)**

**CONTACT :**

Leena Lodaya - 9769411010; Urvi Shah - 9757422880;
Dhara Lodaya - 9819462131; Masumi Sayla - 9167937167

Date : 25/01/2013 @ 10.00 AM

**1. Carrom - (Single & Doubles) 2. Table tennis - (Single & Doubles)**

**(Age group : (15+ & 15-)**

**Venue : Lions Sports Club, V.P. Road, Mulund (West)**

**Contact : Mayank - 9022295750 • Ritesh - 7588087676**

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

# સાંયરા વિકાસ મંડળ

કાર્યાલય : C/o. મે. મુલજી રતનશી એન્ડ કું., મુલુરત્ન ૩૩૪ નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૯
ફોન : ૨૩૪૨૧૪૨૬, ફેક્સ : ૬૬૩૧૫૧૬૭

## હાર્દિક આમંત્રણ

પ્રિય સાંયરાવાસીઓ,

આપણું **૧૯મું સ્નેહમિલન અને સન્માન સમારોહ** 'સાંયરા રત્ન' ખિતાબ વિતરણ, પ્રિતીભોજન, સંગીત સંધ્યા, તથા 'હાસ્ય દરબાર'નો કાર્યક્રમ રવિવાર **તા.૩-૨-૧૩**ના રાખેલ છે. જે શુભ અવસરે આપને સહકુટુંબ પધારવા સ્નેહભર્યું આમંત્રણ છે. સ્નાનક-અનુસ્તાનકમાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓ અને કોઈ પણ સાંયરાવાસીએ કોઈ વિશિષ્ટ સિધ્ધી પ્રાપ્ત કરી હોય તો તેમણે પોતાના નામ કાર્યકર્તાઓ પાસે નોંધાવવા વિનંતી છે.

**કાર્યક્રમ સ્થળ :** જગનનાથ બેન્કવેટ હોલ, જયશ્રી પ્લાઝા, ૫મે માળે, ડ્રીમ મોલની બાજુમાં, આઈ.સી.આઈ.સી. બેન્કની ઉપર, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૭૮.

**નોંધ :** શ્રી સાંયરાતીર્થના શ્રી આદીનાથ દાદાનો ૧૩૫મો ધ્વજા મહોત્સવ **તા.૧૨ થી ૧૪-૩-૨૦૧૩**માં ધામધૂમથી ઉજવવામાં આવશે. જેના ચડાવાનો આદેશ ઉપરના કાર્યક્રમમાં આપવામાં આવશે.

---

॥ ચંદ્રપ્રભસ્વામીને નમઃ ॥ ॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ

બારોઈ (કચ્છ) - ૩૭૦૪૨૧

## ધ્વજા મહોત્સવ તેમજ સ્નેહમિલન સમારોહ પ્રસંગે હાર્દિક નિમંત્રણ

આદરણીય બન્ને **ગામવાસીઓ** તેમજ **નિયાણી બહેનો** જોગ, જય જિનેન્દ્ર,

આપણાં બન્ને ગામના દેરાસરજીની પુનઃપ્રતિષ્ઠાની છઠી વર્ષગાંઠના ધ્વજા મહોત્સવના અનેરા અવસરે તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની પૂ. સા. શ્રી વિશ્વોદયાશ્રીજી મ.સા.આ.ઠા.ની પાવન નિશ્રામાં શ્રી હેમંતભાઈ ગુટકા એવમ સંગીતકાર-મોહમદ રફીક (ભદ્રેશ્વર)ના સંગીત મઢ્યા કંઠે વિધિવિધાનથી બન્ને ગામના જિનાલયોમાં સં.૨૦૬૯ ફાગણ વદ ૧ ને બુધવાર **તા.૨૭-૩-૧૩**ના રોજ અઢાર અભિષેક અને વિ.સ.૨૦૬૯ ફાગણ વદ ૨ ને ગુરૂવાર **તા.૨૮-૩-૧૩**ના રોજ ધ્વજા મહોત્સવનો કાર્યક્રમ ધામધુમપુર્વક ઉજવવામાં આવશે. આ શુભ અવસરે આ નિમંત્રણને સ્વીકારી આપ સૌ સપરિવાર પધારવા કૃપા કરશોજી. સાથે મુન્દ્રા-બારોઈ સોસાઈટી વિસ્તારમાં રહેતા પરિવારોને ભાવભર્યું નિમંત્રણ છે.

**બારોઈ દેરાસરજીના ધ્વજારોહણના કાયમી લાભાર્થી : શ્રી કાંતિલાલ ખીમજી ગોસર પરિવાર (મુંબઈ)**
**ગોએરસમા દેરાસરજીના ધ્વજારોહણના ચડાવા : તા.૨૭-૩-૨૦૧૩ના** રોજ આદેશ આપવામાં આવશે.

આ અવસરે પધારનાર ભાગ્યશાળીઓ ત્યાંની વ્યવસ્થા સાચવવા અગાઉથી જણાવવા મહેરબાની કરશોજી.

સંપર્ક : શ્રી શ્રેણીકભાઈ મોમાયા (મુંબઈ)-09323785320 શ્રી ભુપેન્દ્રભાઈ ડાઘા (મુંબઈ)-09819883522
શ્રી ધનપતીભાઈ મોમાયા (જલગામ)-09423185716 શ્રી કેતનભાઈ ગોસર (ધુલિયા)-09422288616
શ્રી પિયુષભાઈ ડાઘા (પારોલા)-09423974034

**નિમંત્રક : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, ગોએરસમા-બારોઈ વતી**
**પદાધિકારીઓ તેમજ ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર.**

।। શ્રી આદેશ્વર દાદાય નમઃ ।। ।। શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ।। ।। શ્રી ગોડીયા પાર્શ્વનાથય નમઃ ।।

**અનુમોદના.....** **અનુમોદના.....** **અનુમોદના.....** **અનુમોદના વારંવાર...**

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિમાં અને જિન શાસનમાં જન્મ લઈને સફળ કિધો અવતાર...



**શ્રી હિતેશભાઈ મોતા**



**અ.સૌ. નિશાબેન મોતા**



**ચિ. જય મોતા**



**જિ. અજય મોતા**

જિનશાસનના અજોડ ઈતિહાસના પાને સુવર્ણાક્ષરે નોંધ લેવા જેવી અપ્રતિમ, અભૂતપૂર્વ આધ્યાત્મિક પ્રસંગોની વણઝાર દ્વારા પોતાના જીવનને ધન્ય બનાવનાર **શ્રી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિય** ગામ કચ્છ **રાપર (ગઢવાળી)** હાલે **વાલકેશ્વર** નિવાસી **શ્રી હિતેશભાઈ માણેકજી મોતા પરિવારની અંતઃકરણપૂર્વક અનુમોદના.**

મગ્ર કચ્છી સમાજના તથા જિનશાસનના ગૌરવ સમાન **મોતા પરિવાર**ના એક-એક સુકૃતની અનુમોદના કરતાં પણ શાસન પ્રભાવના તથા શાસન રક્ષાના સદ્‌કાર્યોના મંડાણ થાય અને તીર્થંકર પરમાત્માએ પ્રરુપેલા માર્ગ પર આગળ વધી આત્માનું કલ્યાણ કરીએ. અનાદિ અનંતકાળના ભવભ્રમણમાં ભટકતા ઉત્કૃષ્ટ પુણ્યના ઉદયે મળેલા માનવભવને સાર્થક બનાવવા પરમાત્માએ ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે. જેમાં ગૃહસ્થ માટે સૌથી સહેલો માર્ગ દાનધર્મનો છે. શાસ્ત્રકારો લખે છે કે જે આત્મા તુચ્છ એવા ધનનું મમત્વ છોડી નથી શકતો તે આત્મા, શીલ, તપ અને ભાવ સુધી પહોંચી શકતો નથી. શ્રી મોતા પરિવારે પરમાત્માએ બતાડેલા દાન ધર્મને ઉત્કૃષ્ઠ રીતે આરાધ્યો છે અને વસ્તુપાળ-તેજપાળ-જગડુશા-પેથડશા આદિ અનેક યુગપુરૂષોના માર્ગને આગળ વધાર્યો છે.

● સોનગઢ મધ્યે **'સાધુ-શ્રાવક ઉપાશ્રય'**નું નિર્માણ.

● આજથી પાંચ વર્ષ પૂર્વે ચંદનબાળા એપાર્ટમેન્ટ-વાલકેશ્વરના આરાધકોને **ચૈત્ર માસની આયંબિલની શાશ્વતી ઓળીની આરાધના** કરાવવાનો લાભ લીધો.

● વિ.સં.૨૦૬૬ની સાલમાં હજારો સાધર્મિકોને સ્વખર્ચે **શત્રુંજય મહાતીર્થે** તેડાવી શ્રી આદિનાથ પ્રભુના **પંચ કલ્યાણક**ની ધામધૂમપૂર્વક **ઉજવણી** કરી અને હજારો ભાવિકોના હૃદયમાં પ્રભુભક્તિના બીજ રોપ્યા.

● એજ વર્ષે સ્વગૃહે **સુખડનું ગૃહજિનાલય** નિર્માણ કરી ૧૬મા તીર્થંકર **શાંતિનાથ પ્રભુની સુવર્ણની** નયનરમ્ય પ્રતિમા ભરાવી પ્રતિષ્ઠા કરાવી.

● વિ.સં.૨૦૬૮-ઐતિહાસીક વર્ષ-શત્રુંજયના ઈતિહાસમાં અભૂતપૂર્વ પ્રસંગ. ગરવા ગિરિરાજ પર નવટુંક સ્થિત **શ્રી અજિતશાંતિ જિન પુનઃપ્રતિષ્ઠા**ના મહામહોત્સવનો જાજરમાન અવસર. ભારતભરમાંથી લગભગ **૩૬૦૦૦થી અધિક શ્રાવક-શ્રાવિકાઓને પાલિતાણા મધ્યે આમંત્રણ.** દરેકને સ્વખર્ચે રહેવાની-ભોજનની અજોડ વ્યવસ્થા.

● મહામહોત્સવના મુખ્ય આકર્ષણો સમાન તળેટીની ભવ્યાતિભવ્ય **અંગરચના** સહ મહાપૂજા, તળેટી સમીપે **દાદાની ટૂંક નિર્માણ** કરાવ્યું. બંગાળના કારીગરોની દિન-રાત મહેનત દ્વારા **નવટૂંક-દાદાની ટૂંકનું અપ્રતિમ પ્રદર્શન.** ૧૦૮ સંગીતકારો દ્વારા **શ્રી અજિત-શાંતિ સ્તોત્રની સ્તવના** તથા રાત્રિ ભાવના. વિવિધ રાજ્યના વાદ્યો, લગભગ ૩૦ જેટલા ગજરાજ, અનેક રથમંદિરો તથા ચતુર્વિધ સંઘથી સુશોભિત ઐતિહાસિક **રથયાત્રા,** ગિરિરાજ પર રહેલા તમામ **જિનબિંબો-પગલાઓના ૧૮ અભિષેક** તથા શ્રી આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા બોલાતી **ઉછામણી** લઈ શ્રી આદિનાથ પ્રભુ, શ્રી રાયણ પગલા, શ્રી પુંડરિકસ્વામિ, શ્રી શાંતિનાથ પ્રભુ તથા જય તળેટીના ૧૦૮ અભિષેકનો લાભ લીધો. ફાગણ સુદ પાંચમના શુભ દિને **અજિત-શાંતિ દેરીનો જિર્ણોધ્ધાર** કરીને પુનઃપ્રતિષ્ઠા કરાવી.

● ત્યારબાદ એજ વર્ષે પ.પૂ.આ.ભ.**શ્રી જિનચંદ્રસૂરીશ્વરજી** મ.સા. તથા તેમના પ્રશિષ્ય પૂ.આ.ભ.શ્રી **યોગતિલકસૂરીશ્વરજી** મ.સા.ની નિશ્રામાં ગરવા ગિરિરાજની ગોદમાં ૧૨૦૦-૧૨૦૦ આરાધકોને **ચાતુર્માસિક આરાધના** કરાવી અને પોતે પણ સહપરિવાર પાંચ-પાંચ મહિના રહી અને ઉત્કૃષ્ટ આરાધના કરી અને કર્મનિર્જરા કરી. જ્યાં પૂજ્યપાદ આચાર્ય ભગવંતો બિરાજમાન હતા તે 'નંદપ્રભા' ધર્મશાળાની પાછળ અંકીબાઈ ધર્મશાળાના પરિસરમાં **શત્રુંજયાવતાર બાહડવસહિ ટૂંકનું આબેહુબ નિર્માણ** કરાવ્યું. જાણે સાક્ષાત જિનાલય હોય એવા દેવવિમાન તુલ્ય મંદિરની રચના કરાવી.

● વિશિષ્ટ પંડિતોને બોલાવી જૈન કથા સાહિત્ય માળાના ૧૬ ભાગને **ગુરૂ સમર્પણ**નો અવસરનો લાભ લીધો.

ચાતુર્માસના દર શનિવારે પ.પૂ.આ.ભ. શ્રી યોગતિલકસૂરિ મ.સા. 'સુકૃતસાગર' ગ્રથના આધારે પેથડ શાહના ચરિત્ર ઉપર પ્રવચન ફરમાવતા હતા. તેમાં પેથડશાહે ૩૨ વર્ષની ઉંમરે બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કર્યુ હતું એ પ્રવચન સાંભળી **શ્રીયુત હિતેશભાઈ અને અ.સૌ. નિશાબહેને** ૨૦૦૦ આરાધકોની વચ્ચે સંવત્સરી મહાપર્વના દિને સંયમ માર્ગની શરૂઆત સમાન સંસારના કાલઘંટ રૂપ **બ્રહ્મચર્ય વ્રતને ગ્રહણ** કર્યો.

● ત્યારબાદ દશેરાના શુભ દિવસથી **ઉપધાન તપ**ના મંડાણ થયા. ૧૩૦૦ આરાધકોને હિતેશભાઈના પરિવાર સહ ઉપધાન તપમાં પ્રવેશ કર્યો. એમાંથી ૮૦૦ આરાધકો માળ પહેરનાર હતાં. ઉપધાન દરમિયાન રોજ ૩ કલાક આ.ભ.શ્રી પ્રવચન ફરમાવતાં. ઉપધાનનું અઢારિયું પૂર્ણ થવાથી મહામંગલકારી નમસ્કાર મહામંત્ર ગુરૂવર્યના મુખે ગ્રહણ કર્યા બાદ હિતશિક્ષા સાંભળવાથી અ.સૌ. નિશાબેનના હૃદયમાં ઉચ્ચ પરિણામ જાગ્યા અને અત્યંત હર્ષોલ્લાસપૂર્વક પોતાના **અણમોલ કંકણ ગુરૂ ચરણે** ધર્યા તે સાથે અનેક આરાધકોએ સુવર્ણ-ચાંદી ગુરૂચરણે ધરાવ્યા.

● **અ.સૌ. નિશાબેને પ્રથમ મોક્ષ માળ** પહેરી. જેનો ચડાવો **રેકોર્ડ** બોલી બોલવાપૂર્વક લીધો. એમની સંગાથે **હિતેશભાઈ** તથા બંને સુપુત્રો **જય-અજય** એ પણ ઉપધાન તપ કરેલ. આવા અનેક નાના-મોટા સત્કાર્યો કરી પોતાના જીવનને ધન્યતમ બનાવ્યું છે.

સંસારરૂપી રથના બે ચક્ર છે : અર્થ અને કામ, શ્રીયુત શ્રેષ્ઠીવર્ય શ્રી હિતેશભાઈ અને ખરા અર્થમાં ધર્મપત્ની અ.સૌ. નિશાબેને પરિગ્રહ પરિમાણ કરીને અને બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કરીને અર્થ અને કામ ઉપર વિજય મેળવ્યો છે. મોક્ષ માર્ગના પથ ઉપર આગળ વધી રહેલા આદર્શ દંપતી અનેકોના રાહબર બની અનેક જીવોના આત્મકલ્યાણના નિમિત્ત બન્યા છે.

શ્રીયુત હિતેશભાઈ આપણા સમસ્ત કચ્છી સમાજના **કોહિનુર રત્ન** સમાન છે જેમણે વિશ્વભરમાં જિનશાસનનો જયજયકાર કર્યો છે તે જોતા આવા મહાપુરૂષોના ચરણોમાં મસ્તક ઝુકી જાય છે. હિતેશભાઈ અને મોતા પરિવાર આવા અનેક સુકૃતો કરતા રહે અને અનેકને ધર્મમાં જોડતા રહે સાથે સ્વ અને પરનું આત્મહિત સાધે એજ શુભેચ્છા સહ ફરી ફરીને અનુમોદના...

આ અવસરે શ્રી હિતેશભાઈને જન્મ આપનારી રત્નકુક્ષી પુણ્યશ્લોકી **માતુશ્રી તારાબેન માણેકજી મોતા**ને નતમસ્તકે વંદન અને હિતેશભાઈના દરેક પ્રસંગોમાં ખભે ખભા મિલાવી સાથ સહકાર આપનાર લક્ષ્મણ અને ભરત જેવા બંધુ **કલ્પેશભાઈ** અને **નિલેશભાઈ** તથા ભાભી **હિનાબેન** અને **ઉષાબેન**ની પણ ભુરી ભુરી અનુમોદના...



**-: અનુમોદક :-**

**રાપરગઢવારીના હાલે ઘાટકોપર નિવાસી માતુશ્રી જયાબેન પદમશી કાનજી મૈશેરી પરિવારના બહુમાનપૂર્વક જય જિનેન્દ્ર**



## આપણી જ્ઞાતિ સરકારી આરક્ષણમાં કેમ આવે

આજ સરકાર પોતાના ફાયદા માટે અને પોતાની સત્તા લાવવા માટે બધાઓને આરક્ષણમાં લાવે છે. એક દિવસ એવું આવશે કે થોડાજ જણ Open category માં રહેશે. પુરા દેશમાં કચ્છી દશા ઓસવાલની સંખ્યા માત્ર ૩૦૦૦૦ જેટલી જ છે. શિક્ષણ ક્ષેત્રમાં ઉદાહરણ : કે.ડી.ઓના વિદ્યાર્થીને ૭૫% અને આરક્ષણ વર્ગના વિદ્યાર્થીને ૬૦% મળ્યા તો, નામાંકિત અથવા ગર્વ્હમેન્ટ, કૉલેજમાં ૬૦% વાળાનું પ્રવેશ થશે કારણ કે આપણે ખુલા વર્ગમાં છીએ. આજે સમાજના વિદ્યાર્થીઓ સારી મહેનત કરી સારા માર્કસ્ લાવે તો પણ કાંઈ ઉપયોગ નથી, પરીણામે જ્ઞાતિછાત્રોને સારી કૉલેજમાં પ્રવેશ મળતો નથી. મજબુર થઈને જેમ તેમ કોઈ પણ કૉલેજમાં પ્રવેશ લેવું પડે છે. તે પણ ડબલ જેવી ફીસ અને મોટું ડોનેશન આપીને, જે આ બધાનેજ પરવડે એમ નથી.

આ માટે એકજ ઈલાજ છે, કે આપણો સમાજ આરક્ષણમાં કેમ આવે તેમ કરવું. ઉદા. Nomadic Tribes (NT) ભટકી જમાતી, Other Backward class (OBC) અથવા કોઈપણ આરક્ષણ વર્ગ, આપણો કે.ડી.ઓ. સમાજ આરક્ષણમાં કેમ આવે તે માટે આપણાને વિચાર કરવાની જરૂરત છે. આનાથી નામાંકીત અથવા ગર્વ્હમેંટ કૉલેજમાં પ્રવેશ મળી શકે અને કોલેજ ફીઝમાં પણ ફાયદો થશે. આપણો કે.ડી.ઓ. સમાજ જૈન માઈનોરીટીમાં મહારાષ્ટ્ર રાજ્યના આવે છે. પણ બીજા રાજ્યમાં આવતો નથી. ઘણાં લોકોને એવું લાગે છે કે, “આપણે જૈન માઈનોરીટીમાં હોવાથી એડમીશનમાં ફાયદો થઈ જશે.” પણ એવું કાંઈ નથી. જૈન માઈનોરીટીવાળા વિદ્યાર્થીની એડમીશન ખુલા વર્ગ (Open Category)માં થાય છે અને એડમીશન મળ્યા પછી ફીસમાં સવલત મળે છે. બીજી જૈન માઈનોરીટી વાળા કૉલેજમાં પણ પ્રવેશ મળે છે, પણ આ કૉલેજમાં ફીસમાં સવલત મળતી નથી.

બધા કે.ડી.ઓ. ભાઈઓને અને સ્પેશ્યલી લિગલ ઍડવાઈજર્સનો નમ્ર વિનંતી છે કે કે.ડી.ઓ. સમાજ Reservation Category-OBC અથવા NT માં કેમ સમાવી લેવાય એનો વિચાર કરીને, તે અરજી માટે જરૂરી દસ્તાવેજ એકત્ર કરવા અને આ રીતે શાસકીય આરક્ષણ માટે પ્રયત્ન કરવું જોઈએ.

**- પરેશ જયચંદ લોડાયા**

(અસોસિએટ પ્રોફેસર, SSBT ઈંજીનિયરીંગ કૉલેજ, જલગામ.

Feedback : pjshahj@yahoo.com/09890094045



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ “તેજ”ની અમૃતવાણી... (૧૮)

**- સોમ ઘરમશી** (કચ્છ)

***“ભણી ગણી સાહેબ થીએં, ભલેં ઉથલાઈ થોથા***
***તેજ વિવેક ન વે જીયણમેં, ત ઈ ભણેલા “ભોથા”***

**ભાવાર્થ** : વિવેક અને વિનયનો મહિમા કરતી આ બે પંક્તિઓ સમજવામાં અત્યંત સહેલી અને સરળ છે, પણ જીવનમાં વિવેક અને વિનયનાં ગુણો ઉતારવાં અત્યંત દુષ્કર અને કઠિન છે.

આજે સમાજમાં ઠેર ઠેર આક્રોશ સંભળાય છે કે આજના યુવાઓમાં વિવેકહીનતા વધી છે અને વિનયનો અભાવ છે. જવાબદાર કોણ? આજની શિક્ષણ વ્યવસ્થા, સમાજ જીવનનાં મુલ્યાંકનો, પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ ઢળી રહેલી જીવનશૈલી કે આજનાં વડીલો જેમને યુવા પાસેથી અપેક્ષા છે પણ પોતાના કર્તવ્યપાલન તરફ ઉદાસીનતા ???

કવિશ્રી **‘તેજ’** તેથી જ ઉપરની પંક્તિઓ દ્વારા ‘ભણ્યા પણ ગણ્યા’ નહીં તેમને ટકોર કરે છે કે ડીગ્રીઓ પ્રાપ્ત કરવાથી મોટા સાહેબ નથી થવાતું ભલે તમે વિવિધ વિષયોમાં પારંગત થાઓ પણ સાથે સાથે વિવેક અને વિનયનાં પાઠ ભણવા પણ જરૂરી છે જે આજે કોઇ નિશાળ, કોલેજ કે સેમિનારમાં શીખવાડવામાં આવતા નથી. વીતેલા વર્ષોમાં દાદા-દાદી રૂપી નિશાળ સંયુક્ત કુટુંબમાં હતી. જ્યાં રામાયણ મહાભારત, મહાવીર અને બુધ્ધનાં જીવન પ્રેરક પ્રસંગો, વાર્તાઓ દ્વારા શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન થતું.

આજે વ્યક્તિત્વનાં વિકાસ શિખવનાર ગુરુઓનો રાફડો ફાટયો છે પણ તેમના સિલેબસમાં પણ ક્યાં વિવેક, વિનયનાં અભ્યાસક્રમો દેખાતા નથી.

કવિ તેથી સરળ સુંદર અને સફળ જિંદગી માટે વિવેક અને વિનયપૂર્ણ વર્તન ઉપર ભાર મુકે છે તેના વગરનાં કેટલાય ભણેલા કેમ ન હોય પણ કવિ માટે તે “ભોથા” સમાન છે. અહીં એક ગુજરાતી કહેવત અને સંસ્કૃતનો શ્લોક યાદ આવે છે.

**‘વિદ્યા વિનયથી શોભે છે.**

સંસ્કૃત શ્લોક

**॥ ગાઢં ગુણવતી વિદ્યા, ન મુદે વિનય વિના ॥**

ભારે ગુણોવાળી વિદ્યા પણ વિનય વિના મહાપુરુષોમાં આનંદજનક થતી નથી.

# શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર

## સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા જરૂરતમંદો માટે કપડા અને દવાઓના કલેક્શન માટે અપીલ

શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહના તરવરીયા યુવા વિદ્યાર્થીઓએ, શ્રી કુલીનકાંતભાઈ લુઠીયા (માનવજ્યોત-મુલુંડ)ના સાથ સહકાર, માર્ગદર્શન અને પ્રોત્સાહનથી તા.૧૩ અને ૧૪ જાન્યુઆરી ૨૦૧૩ (રવિવાર અને સોમવાર)ના જ્ઞાતિજનો/જનતા પાસેથી વણવપરાયેલ અને તેમને બિનઉપયોગી; **કપડા અને દવાઓ** મેળવવાના એક સેવાયજ્ઞનું આયોજન કરી રહ્યા છે. જ્ઞાતિજનોને જાહેર અપીલ કરવામાં આવે છે કે આ સેવાકીય યજ્ઞમાં વિદ્યાર્થીઓને વધુમાં વધુ સાથ સહકાર આપવાની જાહેર વિનંતી છે.

આ વસ્ત્રો તથા દવાઓ મુલુન્ડની માનવતાની મહેંક ફેલાવતી **'માનવજ્યોત'** સંસ્થાને પહોંચાડવામાં આવશે; જે ગુજરાત, મહારાષ્ટ્રના જુદાં જુદાં ગામોમાં જરૂરતમંદોને વિનામુલ્યે પહોંચતા કરશે.

**-: સંપર્ક :-**

| | |
|---|---|
| **ઘાટકોપર/અનંતછાયા** | : **ઉમંગ વિમલેશ માલદે, અમીત વિમલેશ માલદે** - 9769051227 |
| **ચેંબુર** | : **અનુજ ગીરીશ લોડાયા** - 9579787800 |
| **અનંતનાથ કોમ્પ્લેક્સ** | : **મયંક જીતેન્દ્ર મોમાયા** - 9022295750 |
| **ભાંડુપ/અનંતસિધ્ધિ** | : **જીગર નિતીન ધરમશી** - 9867792294 |
| **મુલુંડ** | : **'માનવ જ્યોત'ની ઓફિસ** - 022-25673587 |
| **મુલુંડ-સર્વોદય નગર** | : **શ્રી દિનેશ માણેકજી મોમાયા**, C/o. કવિતા કોમ્યુનિકેશન, ચંદ્રા એપાર્ટમેન્ટ, સર્વોદય દેરાસરજીની સામે, મુલુંડ (વે.), **સિદ્ધાર્થ મયુર ખોના** - 7666054022 |
| **ડોંબિવલી** | : **ભાવીન અરૂણ નાગડા** - 9022466244, **ફાલ્ગુન નીરેન લોડાયા** - 9167674079 **રિષભ નિતીન મોતા** - 7303280537 |
| **નવી મુંબઈ** | : **જીત નીરેન લોડાયા** - 9167910551, **દિવેશ યોગેશ શાહ** - 9869002946 |
| **મસ્જીદબંદર** | : **દર્શન ભરત મુનવર** - 9768667314 |
| **વેસ્ટર્ન રેલ્વેના પરા** | : **ઉત્તિન રાજેશ ધરમશી** - 9768682623, **ફેનિલ શરદ પોલડીયા** - 9833856188 |
| **ઉપરોક્ત પરાઓ સિવાયના અન્ય પરાઓ** | : **તારક જયેશ ખોના** - 9029920104 અને **રોમિલ કિરણ લોડાયા** - 9167870253 |

**વિદ્યાર્થીગૃહના પદાધિકારીઓ, ટ્રસ્ટીશ્રીઓ, વિદ્યાર્થીઓ અને સ્ટાફ**

## સગા-સંબંધીઓ તેમ જ સ્નેહીજનો જોગ...



**શ્રીમતી પ્રભા શામજી છેડા**

**(સ્વ. લક્ષ્મીચંદ માણેકજી ખોના - સાંધવવાલાની દીકરી)**

ત્રણ વરસ અગાઉ એમને ટાઈફોઈડ તાવ આવ્યો જે લગભગ અઢી મહિના ચાલ્યો.. તાવ મગજમાં ચડી જવાને કારણે તેમની માનસિક સમતુલા ખોરવાઈ ગઈ. શરીર સાવ નંખાઈ ગયું. મનોચિકિત્સકનું કહેવું હતું કે તેઓ ભૂતકાળમાં ચાલ્યા ગયા છે. "બાઈ-અધા', 'નવીન-મંજુ' (જ્યાં તેઓ નાનપણમાં રહેતાં હતાં)ની આસપાસ તેમનું મગજ ઘૂમવા લાગ્યું. આખો દિવસ બોલ-બોલ ચાલુ રહેતી.. કાયા 'પરવશ' જેવી થઈ ગઈ હતી.. એની વિધિ પણ કરાવી.. ફરક ન પડ્યો.. કચ્છમાં લઈ ગયા; પણ વ્યર્થ..

તે દરમ્યાન મારી હાર્ટની બીમારી વધી ગઈ. અઢી વરસ સુધી જેમ તેમ કરીને ખેંચ્યું પણ પછી હું હિંમત હારી ગયો.. તે પછી મારા બાય-પાસના ઓપરેશન માટે ફરજિયાત મુંબઈ આવવું પડયું. ઓપરેશન સારી રીતે પાર પડયું. હવે એમને સંભાળવાની સાથે-સાથે મારી તબિયતની પણ કાળજી રાખવી એ બંને બાબતો અગત્યની હતી.. છેવટે કાયમ કચ્છમાં રહેવાનું નક્કી કર્યું. એમની સાર-સંભાળ રાખે એવી કામવાળી બાઈ માટે જાહેરખબર આપી પણ સફળતા ન મળી.. એટલે ન છૂટકે હૃદયપર પથ્થર મૂકીને એમને માંડવી આશ્રમમાં દાખલ કરવા પડ્યા.. ત્યાં ન ફાવ્યું. એટલે ઘરે (ગાંધીધામ) તેડી લાવ્યા.. પણ મારી મુશ્કેલીઓમાં વધારો થયો.. ફરી પાછા આશ્રમમાં મૂકી આવ્યા..

ત્યાં એમને માટે અલગ (ખાસ) વ્યવસ્થા કરી.. ત્યાંજ રહેતી ત્રણ બહેનો એમની સાર-સંભાળ રાખે એવી વ્યવસ્થા કરી.. એમને દર મહિને નક્કી કર્યા મુજબનો પગાર આપીએ છીએ.. દર અઠવાડિયે હું તેમને મળી આવું. ક્યારેક ફોન કરીને પૂછી લઉં.

ત્રણ વરસથી સમાજ સાથેનો મારો સંપર્ક તૂટી ગયો છે. કોઈના સારા-માઠા પ્રસંગે મારાથી પહોંચાયું નથી. કચ્છમાં રહેવાને કારણે મુંબઈનો ફોન કટ થઈ ગયો છે. મુંબઈ સમાચારમાં છપાયેલા મારા એક પત્રની નીચે આપેલા (ગાંધીધામના) સરનામે અમારા જૂના પડોશીનો પોસ્ટકાર્ડ મળ્યો.. એમણે ભારે ચિંતા વ્યક્ત કરી હતી.. થોડા દિવસ અગાઉ મુંબઈ આવ્યો ત્યારે પણ અમુક સ્નેહીજનોએ હાલમાં ક્યાં છો? હમણાં દેખાતા કેમ નથી? બેનની તબિયત કેમ છે?' વગેરે પ્રશ્નોનો મારો ચલાવ્યો.. ફોન નંબરોવાળી જૂની ડાયરી મળી નહિ. એટલે છેવટે 'પ્રકાશ સમીક્ષા'ના માધ્યમથી પરિસ્થિતિની રજૂઆત કરવાનો વિચાર સ્ફૂર્યો..

હાલમાં મારા ધર્મપત્ની માંડવી આશ્રમમાં રહે છે. તેઓ નીચે મુજબની સંસ્થાઓ સાથે સંકળાયેલાં હતાં..

**૧) શ્રી રચના મહિલા મંડળ**

**૨) શ્રી વીર શાંતિ જિન મહિલા મંડળ**

**૩) શ્રી મુલુંડ ક.વી.ઓ. સમાજ (એક્યુપ્રેશર માટે)**

ઉપરની સંસ્થાઓના કોઈપણ સભ્યને, અમારા સગાસંબંધીઓ કે સ્નેહીજનોને તેમના વિશેની જાણકારી પ્રાપ્ત કરવી હોય તો નીચે આપેલા ફોન નંબરપર ત્યાંના ગૃહમાતાનો સંપર્ક સાધીને તેમની તબિયત અંગેના સમાચાર પૂછી શકાશે.

**માંડવી જૈન આશ્રમના ફોન નંબર : (02834) 223288 / 223046**

**(નોંધ : સાંજના ૫ થી ૬ દરમ્યાન ફોન કરવો.)**

**મુલુંડ તા.૧-૧-૧૩** **લિ. શામજી પદમશી છેડા (મો.8108667022)**




### આપ બદલો – સમાજ બદલો

પહેલા જુનું કાઢી નાખો-મુર્હત, ચોઘડીયા, કુંડલી જન્મપત્રિકા, જ્યોતિષ, જંતરમંતર, દોરાધાગા, મોંઘા પણ નકામા નંગો, રક્ષાપોટલી, ભિક્ષાપોટલી, તાવિજ, મંત્રજાપ અને ફળનું માત્ર ઠળિયું છે તે રૂદ્રાક્ષ - આમાંથી કોઈમાં પણ ચમત્કારની શક્તિ નથી.. છે માત્ર પાખંડને પાખંડ. અસ્સલ આવું જ છે - હનુમાન, ગણેશ, સંતોષીમાં, સાંઈબાબા અને બીજા એવાજ બની બેઠેલા બાપુઓ અને ગુરૂઓનું. રતિભર મદદ કરવાની શક્તિ આ કોઈમાં નથી - હા, ચમત્મકાર છે, પરિશ્રમમાં, સખત મહેનતમાં, કોઈ કામની લગનમાં, આવી પડેલી આફતોમાંથી બહાર નીકળવાના માર્ગો શોધવાના પ્રયત્નોમાં-ઈશ્વર તું મને બચાવ, તું મદદ કર, એવું માગવાથી ઈશ્વરકદી કશું આપતો નથી.

આજે આપણે કરીએ છીએ તે ધર્મ, ધર્મ કરતા અભિમાન, દેખાદેખી, આડંબર, દેખાડો ને ઢોંગ વધુ છે - જુઓ સદીઓ પહેલા કોઈકે લખ્યું છે :

***પંડિતકો પૂરબ ભલા, જ્ઞાનીકો પંજાબ***
***કર્મકાંડીકો દખ્ખણ ભલા, ઢોંગીકો ગુજરાત***

અજ્ઞાનતાવશ બાળપણથી મનમાં ઠસાઈ ગયેલી, જુઠી ને જડતાભરી વાતો પાછળથી વટવૃક્ષ બની જાય છે. બીજા શબ્દોમાં બધા કરે છે તેમજ પરંપરાથી ચાલ્યું આવે છે માટે સમજ્યા વગર આંખો મીચીને આપણે કર્યે રાખીએ છીએ. ન કરીએ તો શું થાય? કરોડો લોકો નથી કરતા તેમનું શું બગડી જાય છે? આવા સાદા બે ચાર પ્રશ્નો કરો પછી વિચાર કરો તો જવાબ યાને સત્ય, સાચી હકીકત સામે દેખાઈ આવશે. આજના કહેવાતા ધર્મ/ધાર્મિક વિધિઓથી બહાર નીકળી કાંઈક પરિવર્તન કરવાનો નિર્ધાર ૨૫-૫૦% યુવાનો સ્વીકારે તો ખરો ચમત્કાર થાય. દેરાસરોના ઢોલત્રાંસા અને ભયાતિભવ્ય ઉજમણા ભૂતકાળ બની જાય અને જૈન જગતમાં જબરદસ્ત સુધારાની લહેર ફેલાય.

***બીજાપુર : ૧૮-૧૨-૧૨*** ***- લક્ષ્મીચંદ વી. ધરમશી***

શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)

### મુંબઈ મહાજન તરફથી તાત્કાલિક સહાય

મુંબઈ જ્ઞાતિ મહાજન સંચાલિત નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ તરફથી મારૂ મેડીક્લેમ વિમો થયેલ હતું. હું પારસભાઈ પાસે ગયો અને વાત કરી.. મારી ધર્મપત્ની હંસાનું તાત્કાલિક ઓપરેશન તાત્કાલિક થઈ જાય અને મેડીક્લેમ પાસ થઈ જશે તો હું તરત પૈસા પાછા આપી દઈશ. પારસભાઈએ એક કમિટી મેમ્બરનો ફોન કરાવવા અથવા સાઈન લઈ લાવવા કહ્યું. મારા મામા ઠાકરશી ડાહ્યાલાલ ધરમશીએ પારસભાઈને ફોન કરતા તરતજ પારસભાઈ મારી જરૂરીયાત મુજબ નરશી નાથા ટ્રસ્ટ તરફતી ચેક એજ તારીખનો આપી દીધેલ અને મારી ધર્મપત્નીનું તરતજ ઓપરેશન થઈ ગયું અને હવે તબીયત સારી છે. હું ક.દ.ઓ. મહાજન-મુંબઈ અને નરશી નાથા ટ્રસ્ટનું આ ઋણ ક્યારે પણ ભૂલીશ નહી.

***મુલુન્ડ ૪-૧-૧૩*** ***- રાજેશ છગનલાલ લોડાયા***

### પ્રકાશ-પરિચય :

### દક્ષિણમાં ગુર્જર સંસ્કૃતિને ગાજતી રાખનાર
### શ્રી રાયચંદભાઈ મોતા

શ્રી રાયચંદભાઈ મોતાનો જન્મ કોલકત્તામાં ૩-૧૦-૧૯૫૧ થયો. તેઓ ૧૯૭૨માં સેલમ આવ્યા. તેઓ સેલમના નામાંકિત જૈની-જલારામ ભક્તના નેજા હેઠળ ગુજરાતી સમાજની સમિતિમાં જોડાયા અને સમાજ સેવાનો પ્રારંભ કર્યો.

તેઓ સ્વભાવે સરળ, શાંત, મિલનસાર, હસમુખા, વિવેકી અને ગુજરાતી ભાષા-સંસ્કૃતિ-સંસ્કારોના આગ્રહી છે. તેઓ વરલક્ષ્મી સાબુદાણાના વ્યવસાય સાથે જોડાયેલ છે. સેલમ ગુજરાતી સમાજના અગ્રણી કાર્યકર છે.

વર્ષ ૧૯૯૫થી ૨૦૦૨ સુધી ગુજરાતી સમાજના મંત્રીપદે રહીને ભવનના નિર્માણમાં મોટું યોગદાન અને સક્રિય ફાળો આપ્યો. વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ માટે પુનઃ મંત્રીપદે કાર્યરત છે.

વર્ષ ૨૦૦૪થી જલારામ મંદિરના ટ્રસ્ટીપદે અને 'જૈન મિશન સોસાયટી'માં ૧૯૭૬થી આજ સુધી સેવાઓ આપી રહ્યા છે.

સેલમ ઉપરાંત ઈરોડ, કોઈમ્બતુર, વગેરે સ્થળે પણ રાયચંદભાઈની સેવાઓ થકી નામના છે. સંસ્થાઓની પ્રગતિ માટે ઝઝુમનાર રાયચંદભાઈ મુઠી ઉંચેરા માનવી છે. સમાજસેવા ક્ષેત્રે તેઓનું યોગદાન નોંધપાત્ર છે. તેમનો સર્વ ધર્મ પ્રત્યેનો સમભાવ પ્રશંસનીય છે. આનંદી સ્વભાવના રાયચંદભાઈને મળવું એ એક લહાવો છે.

***- સૌ. ખમા (પુનમ) પ્રફુલ મોમાયા*** (નાગપૂર)



卐 ॥ ૐ હ્રીં શ્રીં અર્હં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમો નમઃ ॥ 卐

નવકાર મંત્ર હૈ ન્યારા, જીસને લાખોં કો તારા...
ઈસ મહામંત્ર કા જાપ કરો, ભવજલ સે મિલે કિનારા....
નમો અરિહંતાણં...

# બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર પ્રેરિત

(પ્રેરક : શ્રી જયંતભાઈ 'રાહી')



પિતાશ્રી
વસંતરાયભાઈ

# માતુશ્રી ચંદ્રાવતીબેન વસંતરાય ગિરધરલાલ મહેતા પરિવાર

(અ.સૌ. હીનાબેન અને ભદ્રેશભાઈ મહેતા, કમળેજ-વાલકેશ્વર, મુંબઈ)
દ્વારા આયોજીત



માતુશ્રી
ચંદ્રાવતીબેન

# મહામંત્ર શ્રી નવકાર ભાષ્ય જાપ ભવ્યાતિભવ્ય અનુષ્ઠાન

**: ભાગ્યશાળી ભુમિ :**
**યોગી સભાગૃહ**
દાદર (સે.રે.) સ્ટેશનની પાસે
દાદર (પૂર્વ)

**તેરા એક તેરા નવકાર હમારા પ્યારા**

# 13-1-13

**: ભાગ્યવંતો શુભ દિન :**
સં. ૨૦૬૯, પોષ સુદ ૨,
રવિવાર, તા. ૧૩-૧-૧૩
સવારે ૮.૦૦ કલાકે

**૧૪-૧૪ નવલખાના આરાધક નવકારનિષ્ઠ પ. પૂ. ગુરુવર્ય શ્રી જયંતભાઈ રાહીના શ્રીમુખે**

સાજ ને સંગીતના સુરમ્ય સથવારે આ ભવ્યાતિભવ્ય શુભ અનુષ્ઠાનમાં આરાધના કરી 'આત્મા'ને 'પરમાત્મામય' બનાવવા...તેમજ

**જિનશાસનના સપૂત એવા પ્રતિભાશાળી વ્યક્તિત્વનો પ્રતિષ્ઠીત 'પરમેષ્ઠી રત્ન' એવોર્ડ**

અર્પણ કરીને સબહુમાન અભિવાદન કરીશું એ અવિસ્મરણીય પળોને અમારી સંગે માણવા,
**આમંત્રિત ભાગ્યશાળીઓ !** આપ સૌ અચૂક સમયસર પધારશો જ એવી આશા અસ્થાને ન ગણાય...

## વિરલ પ્રતિભાઓ

(૧) પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ
(૨) વડીલ પૂજ્ય શ્રી શશીકાંતભાઈ મહેતા
(૩) ખ્યાતનામ વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ
(૪) સેવાભાવી દાનવીરબાપા શ્રી મઠુભાઈ માવજી ગડા
(૫) ધર્મવીર શ્રેષ્ઠી શ્રી હિતેશભાઈ માણેકજી મોતા
(૬) દાનવીર શ્રેષ્ઠી શ્રી અનંતરાય ગિરધરલાલ શાહ

તા. ૧૩-૧-૧૩ ના સવારે ડોટ ૮.૦૦ કલાકે **પ્રવેશપત્ર સાથે** (સમયસર) પધારવા હાર્દિક નમ્ર વિનંતી.

**દર્શનાભિલાષી : ચિ. પાર્થ અને ચિ. વિધિ ✿ અ.સૌ. કિંજલ અને રોનક વોરા ✿ ચિ.ધ્યાનમ્**



**લી. બૃહદ્ મુંબઈ પંચપરમેષ્ઠી પરિવાર વતી ટ્રસ્ટીગણ તેમજ**

અધ્યક્ષશ્રી : દલપતરાજ પુખરાજજી જૈન (મલ્લેશા) – ખીવાંદી (રાજ.)
પ્રમુખ : રમેશભાઈ લાલજી સોની – વડાલા (કચ્છ)
ઉપપ્રમુખ : સોમચંદ વેલજી લોડાયા – આરિખાણા ● નરેન્દ્ર રણશી સંગોઈ – કપાયા
માનદ્ મંત્રી : ચીમનલાલ એમ. શાહ 'કલાધર'–પાલીતાણા ● હિતેન શામજી છેડા– દેશલપુર
સહમંત્રી : ધનરાજ પોપટલાલ સંગોઈ–કોડાય ● સુનીલભાઈ ખીમજી વોરા–નવીનાળ
કન્વીનર્સ : સુરેશ જીવરાજ ગોગરી–બિદડા, ચંદ્રેશ આર. જૈન–ખીવાંદી, ભરત ખીમજી શાહ – મુન્દ્રા

**સમસ્ત પંચપરમેષ્ઠી મહિલા મંડળો**

અધ્યક્ષા : શ્રીમતી ઝવેરબેન દલપતરાજ જૈન (મલ્લેશા) ● પ્રમુખ : શ્રીમતી દીનાબેન મહેન્દ્રભાઈ છેડા–મોટા લાયજા
માનદ્ સંપાદક–નવકારનો રણકાર : શ્રીમતી વાસંતીબેન રમેશભાઈ સોની – વડાલા (કચ્છ)



**ઘર ઘર ગુંજે શ્રી નવકાર...એજ અમારો છે નિર્ધાર...** Web : www.vishwamantranavkar.org

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સમસ્ત જ્ઞાતિ મહાજન દ્વારા મીટીંગો

સમસ્ત જ્ઞાતિ મહાજનના ઉપક્રમે ટ્રસ્ટબોર્ડની બેઠક તા.૨૬-૧-૧૩ના રાત્રે ૮.૩૦ વાગે કાર્યાલયે, તથા મહાસમિતિની બેઠક તા.૨૬-૧-૧૩ના બપોરે ૩ વાગે અને જ્ઞાતિની સર્વે મહાજનો તથા સંસ્થાઓના અગ્રણીઓ અને કાર્યકરોની બેઠક રવિ. તા.૨૭-૧-૧૩ના સવારે ૯.૩૦ વાગે જગન્નાથ હોલ, LBS માર્ગ, ડ્રીમ મોલની બાજુમાં, ICICI બેંકની ઉપર, ભાંડુપ (વે)માં એકત્ર મળશે. જે બેઠકોમાં પ્રવૃતિ અહેવાલ, ભાવિ આયોજન અને જ્ઞાતિપ્રશ્નોની ચર્ચા વિચારણા કરી ઉચ્ચ શિક્ષણ, મેડીકલ સહાયતા અને સાધર્મિક સહાયતાર્થે 'વન વિન્ડો સીસ્ટમ'ની યંત્રણા ઘડાશે. સમસ્ત મહાજન જ્ઞાતિના સર્વે મહાજનો સાથે સંપર્ક, સમન્વય અને સંકલન કરી મહાજન પરંપરાના મૂળીયા મજબુત કરવા પ્રયત્નશીલ છે.

### સમસ્ત જ્ઞાતિ મહાજન દ્વારા તિથી-તારીખ કેલેન્ડર

સમસ્ત જ્ઞાતિ મહાજનના ઉપક્રમે જ્ઞાતિજનો માટે અચલગચ્છીય તિથી-તારીખવાર કેલેન્ડર-૨૦૧૩ જ્ઞાતિના સખી દાતાઓના સૌજન્યથી પ્રકાશીત કરી દરેક પરિવારને મોકલાશે. આ કેલેન્ડરનું વિમોચન રવિ. તા.૨૭-૧-૧૩ના જ્ઞાતિના વ્યાપાર-આનંદમેળામાં કરાશે. આ કેલેન્ડર નિમિતથી ઘરઘરમાં મહાજન પરંપરા, જ્ઞાતિ ઐક્ય અને દશાઈ અસ્મિતાનું પ્રતિકરૂપ સંભારણું બનશે. જ્ઞાતિમાં એક સૂત્રતાના પ્રતિકરૂપે એક જ કેલેન્ડર બહાર પાડવાની અપીલ કરાતા હાલમાં અલગ અલગ સંસ્થાઓ જે પ્રોજેક્ટ કરે છે તે આવતા વર્ષે પોતાનું યોગદાન સમસ્ત મહાજનની આ યોજનામાં નોંધાવશે. જેની પહેલ વિદ્યાર્થીસંઘે કરી છે.

### જ્ઞાતિવસતીપત્રકની વેબસાઇટ વિમોચન ઠેલાયું

જ્ઞાતિના ૮મા વસતીપત્રકની વેબસાઇટનું વિમોચન જે તા.૨૬-૧-૧૩નાં થવાનું હતું. પરંતુ સંજોગવશાત જ્ઞાતિ પરિવારોની માહિતીના ફોર્મ સમયસર ન આવતાં તે કાર્યક્રમ પાછળ ધકેલાયું છે. હવે જ્ઞાતિજનોના ફોર્મની પુરી માહિતી, મળ્યા બાદ નવી વેબસાઇટ તૈયાર કરી તેનો વિમોચન કાર્યક્રમ જાહેર કરાશે. દરમ્યાન, જ્ઞાતિજનોએ પોતાની અદ્યતન વિગતો ફોર્મ ભરી ત્વરીત લેખિત જણાવવા અપીલ કરાઈ છે.

### મુંબઈ મહાજનશ્રી પ્રકાશિત 'KDO World'

શ્રી ક.દ.ઓ. મહાજન મુંબઈ પ્રકાશિત KDO World મુખપત્રનો ડિસેંબર ૨૦૧૨ નો અંક બહાર પડ્યો છે. આ અંક જ્ઞાતિ મુકુટમણિ શ્રી કેશવજી નાયકને અર્પણ કરાયું છે. આ અંકમાં પ્રમુખશ્રી નયનભાઈ ભેદાનો 'દરેક કે.ડી.ઓ. સુખી કે.ડી.ઓ.' જ્ઞાતિ સંદેશ, શેઠ કેશવજી નાયકની ગૌરવગાથા, શુન્યમાંથી સૃષ્ટિ સર્જનાર દાનવીર શ્રી રાયચંદ ભાઈ ઘરમશી પરિવારનો સુખ-સફળતામંત્ર, ધાર્મિકક્ષેત્રે પ્રભાવી નામ શ્રી હિતેશ મોતા, સફળ મારકેટીંગ બદલ યુવા શ્રી ધૈર્ય દંડની કથા, જ્ઞાતિ વસતીપત્રકની આગવી વિશિષ્ટતાનું આલેખન, 'અનંતછાયા'ની કથા, વ્યથા અને ઉપાય, ગતવર્ષે જ્ઞાતિ યુવાશક્તિ માટે ઉજવાયેલ 'યંગ તરંગ' યુવા મેળો અને જ્ઞાતિ કાર્યક્રમોની તસ્વીરી ઝલક વગેરે માહિતી લેખ આવરી લેવાયા છે. પેપર, પ્રિન્ટીંગ અને ક્વાલીટીની દષ્ટિએ આ રંગીન પત્ર શ્રેષ્ઠ ઉંચાઈએ આકર્ષિક રહ્યું છે.

### મહાવીરનગર-અંતરજાળ (કચ્છ)માં પ્રતિષ્ઠા મહોત્સવ

કચ્છ-આદિપુર નજીક અંતરજાળમાં મહાવીરનગરે શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર આયોજીત 'શ્રી ગુણોદય સાધર્મિક ધમોદ્યાન' ૫૮ બ્લોકની આવાસ યોજનામાં પૂ.આ. ગુણોદયસાગરસુરીજી અને ગુરૂજનોની આશિષ-

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

Trust Regn. No. E-2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

નિશ્રાએ નવનિર્મિત જિનાલયે વિમલનાથ પ્રભુની અંજન-પ્રતિષ્ઠા નિમિત્તે જિનેન્દ્રભક્તિ દશાહ્નિક મહોત્સવ તા.૯ થી ૧૮-૧-૧૩ દરમ્યાન ચતુર્વિધ સંઘના આનંદ-ઉમંગ-ઉલ્લાસે ભવ્યાતિભવ્ય આરાધનાસહ ઉજવાશે. આ પ્રસંગે ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીજી આ.ઠા. અન્ય સાધુ-સાધ્વીજીઓ પાવન નિશ્રા આપશે. પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા.ની પ્રેરણાએ તૈયાર થયેલ આ આવાસ યોજનામાં આ અણમોલ અવસરના શિલ્પી-પુણ્યાર્થી માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા પરિવાર (સાંયરા) જેમના ઉદારદિલ સહયોગ અને સ્વદ્રવ્યથી આ ચૈત્યજિનાલય અને ઉપાશ્રય નિર્માણ કરી સકળ સંઘને દર્શન-પુજનના લાભના આલંબનરૂપ શ્રધ્ધાસ્થાન રચી સંઘને અર્પણ કરી, અપ્રતિમ ઐતિહાસિક અનુમોદનીય કાર્ય થયું છે. સૌ. જયાબેન શાંતિલાલ પદમશી લોડાયા પરિવારજનોએ આ મંગલ મહોત્સવના લાભ સવાયા લીધા છે.

તા.૧૩ થી ૧૭-૧-૧૩ દરમ્યાન મુખ્ય અવસરે આ પ્રસંગે પધારવા સકળ સંઘ સહ સમસ્ત જ્ઞાતિને ભાવભર્યું આમંત્રણ છે. આ પ્રસંગે સકલસંઘની ઉપસ્થિતિમાં નવનિર્માણ સહયોગની તક્તી અનાવરણ તથા અભિવાદન સમારોહ રહેશે.

### શ્રી હિતેશભાઈ મોતાની 'પરમેષ્ઠિ રત્ન' એવોર્ડ માટે પસંદગી

બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠિ પરિવારના ઉપક્રમે મુંબઈમાં તા.૧૩-૧-૧૩ના સવારે ૭ થી ૧૨ માં યોગીસભાગૃહ-દાદરમાં યોજનારા એક વિશિષ્ટ સમારોહમાં સમાજના વિરલ વ્યક્તિત્વને અપાનારા પરમેષ્ઠિ રત્ન એવોર્ડ માટે જૈન રત્નો : સર્વ શ્રી કુમારપાળ દેસાઈ, શશિકાંતભાઈ મહેતા, મઠુભાઈ માવજી ગડા, નરેન્દ્રભાઈ નંદુ અને શ્રી હિતેશ માણેકજી મોતાને આ ગૌરવવંતો એવોર્ડ એનાયત થશે. શ્રી હિતેશભાઈની આ બહુમાન માટે પસંદગી કરાઈ છે જે સમસ્ત જ્ઞાતિનું ગૌરવ છે. આ સિધ્ધિ બદલ એમને હાર્દિક અભિનંદન અને અનુમોદના. જૈન આલમમાં તેમણે નવું આયામ રચ્યું છે. શ્રી હિતેશભાઈ અને મોતા પરિવારજનોએ પાલીતાણા તીર્થે ઐતિહાસિક ધર્મકાર્યોની સેવા-સહયોગ અને સાધર્મિક ભક્તિ દ્વારા શાસન પ્રભાવના કરી છે.

### જખૌ મહાજન દ્વારા જખૌવાસીઓનું સ્નેહમિલન

જખૌવાસી જ્ઞાતિ પરિવારો અને નિયાણી બહેનોનું વાર્ષિક સ્નેહમિલન રવિ. તા.૩૦-૧૨-૧૨ના સવારે ૧૦ થી ૧ દરમ્યાનમાં શેઠ નરશી નાથા સભાગૃહ, ભાંડુપમાં યોજાયું. આ પ્રસંગે ૭૦૦ વધુ જ્ઞાતિજનોએ હાજરી આપી સ્નેહમિલનને સફળ બનાવેલ. સમારોહના અધ્યક્ષસ્થાને શ્રી હેમેન્દ્ર વીશનજી લોડાયા, યતિશ્રી મોતીસાગરજી અતિથીવિશેષો શ્રી નેણશી લધાભાઈ મૈશેરી તથા શ્રી હંસકુમાર શામજી શિયાડ અને મહાજનશ્રી તથા ટ્રસ્ટના પદાધિકારીઓ મંચપર બિરાજેલ.

પ્રારંભે દીપપ્રકાશન અને હારારોપણ બાદ નવકાર પઠન અને કુ. આયુષી હરીશ શિયાડ દ્વારા ગણેશ વંદના નૃત્ય થયેલ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.એ માંગલિક અને આશિર્વચન આપી મહાજનની ટીમને પ્રગતિશીલ કાર્યો માટે શુભેચ્છા આપેલ. મહાજન પ્રમુખ શ્રી ભરત વેરશી જીવાણીએ આવકાર પ્રવચન કરી મહાજનના કાર્યોમાં આવેલ જાગૃતિ, સક્રિયતા અને વિકાસનો અહેવાલ આપી ભાવિ આયોજન વિષે સૌને અવગત કરેલ. માનદમંત્રી શ્રી હરીશ ખેતશી શિયાડે મહાજન પ્રવૃતિઓનો અહેવાલ આપેલ. મહાજનટીમે પૂ. યતિશ્રીનું ગુરુપુજન કરી મંચસ્થ મહાનુભાવોના ટુંક પરિચય આપી તેમનું મહાજનવતી બહુમાન કરી સ્નેહમિલનનું સંભારણું અપાયેલ. આ પ્રસંગે પૂ.સા.શ્રી મહોદયશ્રીજી-યશોદયશ્રીજીના આશિર્વચનસહ શુભેચ્છા પત્ર અને બહારગામથી આવેલ શુભેચ્છા સંદેશ વંચાયેલ.

સ્નેહમિલનમાં જખૌના જ્ઞાતિછાત્રોને પારિતોષિક આપી સન્માનિત કરાયા. વિશેષ બુહમાનમાં શ્રી ચંદ્રેશ વી. છેડા (રાયપુર)નું રાજ્ય સ્કાઉટ-ગાઈડના કમીશનરપદે માટે, પત્રકાર શ્રી જયંત છેડાનું અને ડોંબીવલી મંડળના પ્રમુખ શ્રી વીરેન્દ્ર ભવાનજી લોડાયાનું પુષ્પગુચ્છ આપી બુહમાન કરાયું.

બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા હતા. બહારગામથી પણ સભ્યો પધારેલ. આભારદર્શન ઉપપ્રમુખ શ્રી રાજેશ ચીમનલાલ જીવાણીએ કરેલ. આ કાર્યક્રમમાં જખૌવાસીઓ અને ગામની નિયાણીઓએ પ્રચંડ પ્રતિસાદ આપી જ્વલંત સફળતા અપાવેલ. ટ્રેન

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**
(વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

સેવા ઠપ્પ થવાથી હાલાકી છતાં વિશાળ હોલ ભરચક ભરાયેલ અને જ્ઞાતિજનોએ ઉભા રહીને પણ કાર્યક્રમ માણેલ. બપોરે જ્ઞાતિજનોએ દાંડીયા-રાસ ગરબાની રમઝટ માણી. આમ, સ્નેહમિલન કાર્યક્રમ અભુતપુર્વ હાજરીથી સફળ રહ્યું.

## જીવદયા ક્ષેત્રે અનુમોદનીય કાર્ય

અમલનેરમાં જ્ઞાન કસ્તુરી શ્વાનસેવા નામે સંસ્થા (રજી.નં.MH11904) ચાલે છે. જ્યાં કુતરા તથા મુંગા પ્રાણીઓની સેવાચાકરી થાય છે. તેમને ખોરાક પોષણ અપાય છે. સંસ્થા નોંધણીકૃત છે. જેમાં અધ્યક્ષા કુસુમબેન ભવાનજી ભાટે (નાગડા) સેવા ફરજ બજાવે છે. તેમને જીવદયાર્થે ફાળો મોકલી શકાશે. સંપર્ક : કુસમબેન ભાટે, બાટે બીલ્ડીંગ, મ.ગાંધી રોડ, અમલનેર-૪૨૫૪૦૧. ફોન ૦૨૫૮૭-૨૨૪૫૩૬

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-હુબલી

અત્રે મહાજનના ઉપક્રમે પ્રથમવાર મહામંત્ર નવકારના ભાષ્ય જાપ અનુષ્ઠાન તા.૧૨-૧૨-૧૨ના વિરલ દિવસે, નવનાં ગુણાંકનો સુમેળ થતાં અમૃતસિધ્ધિ યોગના દિને સવારે ૮ વાગે શ્રી રાઘવેન્દ્રસ્વામી મઠના હોલમાં યોજાયા. શ્રી હર્ષ દેઢિયા (ઘાટકોપર)એ સંગીતના સથવારે વિવિધ મુદ્રા સહ ૫૪ તામ્ર યંત્રો પર ૧૦૮ વાર વાસક્ષેપ પુજન સહ ભાગ્યશાળીઓએ પુજન કરેલ. ૫૪ જોડીએ આ યંત્ર પુજનમાં લાભ લઈ એ યંત્ર પ્રાપ્ત કરેલ. આ પ્રસંગે સાધર્મિક ભક્તિના લાભાર્થી શા. વાલજી હીરજી મોમયા (સાંયરા) પરિવાર હતા. અનુષ્ટાનના સહયોગી દાતાઓ શ્રી નારાણજી શામજી મોતા (રાપરગઢ) શા. કરમચંદ આણંદજી વિકમશી (વરાડીયા) શા. હેમરાજ કાવજી મોમાયા (વરાડીયા) હતા. સર્વે ભાવિકોએ શ્વેતવસ્ત્રમાં સહભાગી થઈ નવકાર જાપનો લાભ લીધેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુન્ડ

શ્રી મહાકાળી મંડળ દ્વારા માતાજીની ભાવના તા.૧૩-૧-૧૨ના રાતે ૯ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી કાંતિલાલ લખમશી વિકમશી પરિવાર (પરજાઉ) અને તા.૨૪-૨-૧૩ના શ્રી મોતીચંદ લાલજી ખોના પરિવાર (નલીયા) એ લીધેલ છે.

## બેંગલોરથી પાર્શ્વમણિતીર્થ સંઘ

બેંગલોરથી પાર્શ્વમણિ તીર્થ (આદોની)નો ૨૮ દિવસીય સંઘ ગચ્છપ્રભાવક પૂ.મુનિ શ્રી દેવરત્નસાગરજીની નિશ્રામાં ચાલી રહ્યો છે. દરરોજ સંઘના દર્શનાર્થે ગામડાની પ્રજાના ટોળેટોળા ઉમટે છે. તેલુગુ ભાષામાં રોજ જીવનલક્ષી સમજ અપાતાં ઘણાંએ માંસાહાર-શરાબ ત્યાગ કરી રહ્યા છે. સહુનું મુખ મીઠું કરાવાઈ રહ્યું છે. સંઘમાં નવકારની, મૌનની, સામાયિકની, પ્રદક્ષિણાની, ખમાસમણાંની ત્રણ ત્રમ દિવસની આરાધના મુ.શ્રી દેવરક્ષિતસાગરજી કરાવે છે. મુ.શ્રી તીર્થરત્નસાગરજી પ્રતિક્રમણ કરાવે છે. યંત્રપૂજન-પ્રવચન અને સંધ્યાભક્તિ રોજ પ્રેરણારૂપ બને છે. સંઘમાં આયંબિલ તપ સારા પ્રમાણમાં થાય છે. પૂ.સા.શ્રી હર્ષપૂર્ણાશ્રીજી આદિ ઠા.૪ પણ બહેનોનો ઉત્સાહ વધારી આરાધના કરાવે છે. તા.૪ આદોની તા.૫/રસ્તામાં, તા.૬/૧ના તીર્થ પ્રવેશ તા.૮ ના તીર્થમાળ છે. તા.૬-૭-૮ પાર્શ્વજન્મ અઠ્ઠમ તપ રખાઈ છે.

## ક.દ.ઓ. મહિલા મંચ - નાગપુર

મંચની સભા સૌ. સરલા નયન લોડાયાના ઘરે સૌ. પુનમ મોમાયાની અધ્યક્ષતામાં નવકારમંત્રના પઠન સાથે શરૂ કરવામાં આવી. દર આઠમના થતી માતાજીની ભાવના શ્રી ગીરીશભાઈ લોડાયાના ઘરે ભણાવાઈ.

## કોઠારામાં મેડીકલ નિદાન કેમ્પ

પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીજીની પ્રેરણાએ નિર્મલ એજ્યુકેશન ચે. ટ્રસ્ટ-વર્ધમાન નગર દ્વારા દાતા શ્રી નેણશી જીવરાજ પાલાણી પરિવાર હ. નીલમબેનના સહયોગથી કોઠારામાં નિ:શુલ્ક મેડીકલ નિદાન કેમ્પ યોજાયો. આ કેમ્પમાં ભુજના નિષ્ણાત ૨૭ ડોક્ટરોની ટીમ દ્વારા ૨૩૩૪ દર્દીઓનું સર્વરોગ નિદાન કરાયું.

આ કેમ્પમાં હાડકાના ૩૧૨, બાળરોગના ૪૦, સ્ત્રીરોગના ૧૩૯, ચામડીરોગના ૧૬૫, માનસિક ૧૯, ENT ૧૬૨, દાંતના ૧૩૮, પેટના ૭૧, આંખના ૬૧૦, જનરલ ૨૦૭, ફીઝીશ્યન ૨૩૬, વનૌષધિ માટે ૨૦૦ અને આયુર્વેદના ૩૫ મળી કુલ ૨૩૩૪ દર્દીઓની તપાસણી કરાઈ. દર્દીઓને તમામ દવાઓ ફ્રી અપાઈ. તથા રક્ત તપાસણી ફ્રી કરાઈ. ૨૦૦ જેટલાને નિશુલ્ક ચશ્મા અપાયા.

દર્દીઓને કોઠારા સ્ટેશનથી કેમ્પ સ્થળે આવાગમન માટે વાહન વ્યવસ્થા તથા દરેકને ચા પાણી-જમણની નિશુલ્ક સેવા અપાઈ. કેમ્પ માટે જી.ટી.સ્કુલ તથા છાત્રાલય અને કાર્યકરોનો સુંદર સહયોગ મળ્યો. આ પ્રસંગે ૯૧ સેવાભાવી કાર્યકરોને સ્મૃતિચિન્હ આપી સન્માનિત કરાયા.

## શ્રી વી.લ. વિદ્યાર્થીગૃહ છાત્રો દ્વારા માનવસેવા કાર્ય

શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ-ઘાટકોપરના છાત્રોએ 'માનવજ્યોત'ની પ્રેરણાથી માનવસેવાની પ્રવૃતિઓરૂપે તા.૧૩-૧૪/૧/૧૩ના જ્ઞાતિમાંથી અને આમજનતા પાસેથી વાણવપરાયેલ-બીન ઉપયોગી કપડા-દવાઓ એકત્ર કરવાની ઝુંબેશ ચલાવશે. એકત્ર થયેલ વસ્તુઓ માનવજ્યોત દ્વારા ગુજરાત-મહારાષ્ટ્રના ગામડાઓમાં જરૂરતમંદોને નિ:શુલ્ક વિતરણ કરાશે. આ માટે વિવિધ કેન્દ્રોપર છાત્રો પોતાની સેવા બજાવશે.

## જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસરજી ટ્રસ્ટ-તેરા

તેરા તીર્થે નવનિર્મિત દેરીઓમાં ગણધરો (૧) પુંડરીક સ્વામી (૨) ગૌતમસ્વામી અને (૩) પાર્શ્વપ્રભુનું મરગજશિલાનું સમવસરણ છે. જે દરેક લાભનો નકરો રૂા.૧,૫૧ હજાર (એક લાખ ૫૧ હજાર પુરા) છે. ઇચ્છુકો પોતાની ઓફર તા.૨૦-૧-૧૩ સુધીમાં મોકલી આપવા જણાવાયું છે. વહેલો તે પહેલોના ધોરણે લાભ અપાશે. એકજ લાભ માટે જો એકથી વધુ જણાની ઓફર હશે તો તે માટે ચડતાક્રમે આવેલ ઓફર પર ધ્યાન અપાશે. એમ ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે. સંપર્ક : શ્રી જીરાવલ્લા જૈન દેરાસર, તેરા (કચ્છ)

## નલીનપુર નારી નિગમ દ્વારા એક દિવસીય પ્રવાસ

નિગમ દ્વારા શનિ તા.૧૨-૧-૧૩ના શાહપુર-માનસમંદિર દર્શન તથા પેરેડાઈઝ ફનલેન્ડ સીસોર્ટની પિકનીક ગોઠવી છે. ઇચ્છકો વહેલી તકે નામ હીનાબેન લોડાયા-૯૮૨૦૩૧૮૩૪૫ અને વીણાબેન નાગડા-૯૯૬૭૬૬૬૩૮૦ને નોંધાવી શકશે.

## અનંતનાથ યુથ ફોરમ-કાંજુરમાર્ગ

તા.૬-૧-૧૩ના સવારે ૮ થી સાંજે ૮ અંડર આર્મ ક્રિકેટ બોક્ષ સ્પર્ધા યોજાઈ છે. જેમાં જ્ઞાતિની ૧૦ ટીમો ભાગ લેશે. આ સ્પર્ધા માટે નેપચ્યુન ગ્રુપ-નયનભાઈ ભેદા, શ્રીમતિ રાજુલ ભદ્રેશ પટેલ, મે. અલકા એજન્સીઝ, માતુશ્રી વાલબાઈ નરશી ધ્રોળ, શશીકાંત સોમચંદ દંડ, અર્હમ ટેક્સટાઇલ્સ-અમદાવાદે ઉદારદિલે આર્થિક સહયોગ આપ્યો છે.

## મુલુન્ડ(ઇસ્ટ)માં અંજનશલાકા-પ્રતિષ્ઠા-દીક્ષા મહોત્સવ

મુલુન્ડ (ઇ)માં અચલગચ્છ સંઘના ઉપક્રમે સુમતિનાથ જિનાલયે ગુરૂ ગુણ જન્મશતાબ્દિ વર્ષે ભવ્ય અંજન શલાકા-પ્રતિષ્ઠા-સામુહિક દીક્ષા મહોત્સવ અને વિવિધલક્ષી અચલગચ્છ ભવનનું ઉદ્ઘાટન આદિ કાર્યક્રમો યોજાયા છે. વિશાળ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિ અને પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.ની નિશ્રામાં આ મહોત્સવ ઉજવાશે. આ મહામંગલકારી મહોત્સવના વિવિધ લાભ વિભિન્ન દાતા પરિવારોએ ઉમંગે-ઉદારદિલે લીધા છે. વિવિધલક્ષી અચલગચ્છ ભવનનું ઉદ્ઘાટન વિધિ રહેશે.

આ ત્રિવેણી સંગમરૂપ ઉત્સવમાં મુમુક્ષુઓ કુ. કોમલ મહેન્દ્ર ગંભીયા, પુનમ કેશવજી દેઢિયા અને કુ. દિશા જયચંદ લોડાયા અચલગચ્છમાં ભાગવતી દીક્ષા અંગીકાર કરશે. આ મહોત્સવ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ નંદુ પરિવાર વિધિવિધાન કરાવશે.

## કચ્છમાં કાતિલ ઠંડી

સમગ્ર કચ્છમાં નવું વર્ષ ભારે ઠંડીથી શરુ થયું. ખાસ કરી અબડાસાના નલીયા અને ગ્રામીણ વિસ્તારમાં ગાત્રો ગાળતી ઠંડી જોવા મળી. તાપમાન ૩ થી ૪ ડીગ્રીએ પહોંચતા ઠંડીના મોજાથી જનજીવન ખોરવાઈ ગયું હતું. આ કાતિલ ઠંડી સાથે પવન વહેતા મજુરવર્ગે ભારે હાલાકી ભોગવી હતી. આ ઠંડીની અસર ખેતી, પશુપાલન, મત્સ્યઉદ્યોગ પર પડી હતી. રોજિંદુ કામકાજ ૧૧ વાગ્યા પછી શરૂ થાય અને સાંજે ૬ વાગે બંધ પડે છે. દર વર્ષે તાપમાન પાંચ ડીગ્રીથી નીચે જાય છે.

## કેડીઓ ક્લાસિક દ્વારા દાંતની નિઃશુલ્ક ટ્રીટમેન્ટ

"કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ" દ્વારા ફેબ્રુઆરી, ૧૯૯૮માં આંખ તથા જાન્યુઆરી, ૨૦૦૭માં કાન-નાક-ગળા (ENT)ની નિઃશુલ્ક તપાસણી-સારવાર-ઓપરેશન અને Hearing AID એમ બે અભિયાન શરૂ કરેલ જેને જ્ઞાતિજનો દ્વારા મળેલ અપ્રતિમ પ્રતિસાદને ધ્યાનમાં લેતા સંસ્થા દ્વારા જુલાઈ ૧૨થી દાંતની ફ્રી ટ્રીટમેન્ટ શરૂ કરવામાં આવી છે.

દાંતની ટ્રીટમેન્ટ આજકાલ અતિ ખર્ચાળ થઈ ગઈ છે. ત્યારે સંસ્થા દ્વારા જ્ઞાતિજનો માટે શરૂ થયેલ દંત ચિકિત્સા જ્ઞાતિજનો માટે આશીર્વાદરૂપ થશે.

દાઢ/દાંત કાઢવા, દાંતની Filling, Root Canal, તુટેલા દાંત ઉપર Crown, નીકળી ગયેલ દાંત ઉપર Bridge તથા ફાઈબર ગ્લાસનું Partial / Full Denture બનાવી આપવા વગેરે દાંતની ટ્રીટમેન્ટ શરૂ કરવામાં આવી છે. પાન/તંબાકુ/ગુટકા ખાનાર તથા અન્યથા ખરાબ થયેલ દાંતની સફાઈ પણ કરી આપવામાં આવે છે.

મોટી ઉંમર સુધી દાંત બચાવવા હોય તો દર વર્ષે (ડાયાબીટીઝના દર્દીએ દર ૬ મહીને) પોતાના દાંતની ડેન્ટીસ્ટ પાસેથી ચકાસણી કરાવી જરૂરી દાંતની ટ્રીટમેન્ટ કરાવી લેવી આવશ્યક છે.

સંસ્થાના આંખ અને ENT (કાન-નાક-ગળા)ના અભિયાન પણ ચાલુ છે જેમાં જ્ઞાતિજનોનો પ્રતિભાવ ઉત્સાહજનક છે. આ સુવિધાઓનો જ્ઞાતિજનો લાભ લઈ શકશે. તકલીફ અંગે એક પોસ્ટ કાર્ડ/પત્ર સંસ્તાના સરનામે લખી મોકલાય તો સર્વ માહિતી સંસ્થા મોકલાવી આપે છે. સંપર્ક : કેડીઓ કલાસિક સમાજ ઉત્કર્ષ નિધિ, C/o. મેસર્સ વિજય કોટન એન્ડ ફાયબર કાં., ૧૦૧, શ્રીવિદ્યા વિહાર, પહેલે માળે, હેપી હોમ સોસાયટી, નેહરૂ રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૭ ફોન : ૨૬૧૮૧૭૭૮/૨૬૧૮૧૭૭૯.

## સાંયરા

અત્રે તા.૧૯-૧૨-૧૨ના મેહુલ ભુપેન્દ્ર મૈશેરી (કોચીન)ના લગ્ન પ્રસંગે સ્વામીવાત્સલ્ય જમણ હતું. તા.૨૬-૧૨-૧૨ના મધુરીબાઈ નવીનચંદ લોડાયા તરફથી મહાકાલીની

ભાવના થઈ.તા.૨૭-૧-૨૧૨ના મા. માણીબાઈ ખેતશી મોમાયા હ. ઉતમભાઈ તરફથી સ્વામીવાત્સલ્ય જમણ હતું. રૂા.૧૦નું સંઘપુજન થયેલ. પુનમનાં દર્શનાર્થીઓ પધારે છે.

## 'અનંતછાયા'ની સુનાવણી

ચેરીટી કમીશ્નર સમક્ષ ચાલી રહેલી કાર્યવાહીમાં જ્ઞાતિજન શ્રી રમેશ પદમશી શાહ (દંડ) ઘાટકોપર દ્વારા ૩૧-૧૨-૧૨ના એક અરજી દાખલ કરવામાં આવી છે. તેમાં શ્રી સમસ્ત મહાજનશ્રીએ શ્રી અનંતનાથજી ટ્રસ્ટને લખેલ એક પત્રમાં સુચવાયેલ મુદાઓ, જ્ઞાતિના એક બિલ્ડરે 'અનંતછાયા'નાં પુનર્વિકાસ અંગે આપેલ ઓફર તથા એક જ્ઞાતિજને પોતાને ખર્ચે ત્યાં નૂતન જિનાલય નિર્માણ કરવાની સાથે રૂા.૬ કરોડના અનુદાનની ઓફર કરતા પત્રનો ઉલ્લેખ કરીને આ કાર્યવાહીમાં પોતાને ઇન્ટરવીનર તરીકે જોડવા અનુમતિ આપવા તથા ટ્રસ્ટીઓએ જ્ઞાતિના અન્ય બિલ્ડરો, અગ્રણીઓના સલાહ સુચન લઈને અનંતછાયાનો પુનવિકાસ કરવાની નવી યોજના માટે સુચના આપવા માગણી કરી છે. તેની સુનાવણી તા.૮-૧-૧૩ના થશે.

## કચ્છી સાહિત્ય કલા પુરસ્કાર ૨૦૧૨

કચ્છના સાહિત્ય, કલા અને સંસ્કાર ક્ષેત્રે સર્જક કલાકારોને શ્રીમતિ તારામતી વિશનજી ગાલા તરફથી પુરસ્કૃત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨ના આ પુરસ્કારના માનકરી શ્રી રવિ પેથાણી 'તિમિર', શ્રી ઉદયન ઠક્કર, શ્રી મુલચંદ મગનલાલ દેઢિયા, શ્રી હિતેન ગાલા અને શ્રી વિજય ગાલા. જેમને તા.૧૩-૧-૧૩ના બપોરે ૨.૩૦ કલાકે શ્રીમતિ ઝવેરબેન સભાગૃહ-ઘાટકોપરમાં અભિવાદન કરી સન્માનિત કરાશે. વર્ષ ૨૦૦૩ થી થયેલ આ પરંપરામાં અત્યાર સુધીમાં જ્ઞાતિના કવિશ્રી તેજ અને ઈતિહાસ શાસ્ત્રી શ્રી વીરચંદ ધરમશીને આ બહુમાન પ્રાપ્ત થયું છે. આ કચ્છી સાહિત્ય-સર્જનની સેવામાં ડો. માધુરીબેન છેડા, ડો. ગુલાબ દેઢિયા, ડો. વિશન નાગડા, કવિ શ્રી માધવ જોશી "અશ્ક' અને શ્રીમતી તારાબેન અને શ્રી વીશનજી ગાલા પસંદગી સમિતિમાં છે.

## 'મંગલમંદિર' દ્વારા કચ્છી સંસ્થા વિશેષાંક

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ પ્રકાશિત માસિક મુખપત્ર 'મંગલમંદિર' દ્વારા સમસ્ત કચ્છીઓની સંસ્થાઓ વિષેની માહિતી સંકલિત કરી એપ્રિલ ૨૦૧૩માં વિશેષ અંક રૂપે પ્રકાશિત કરશે. દરેક કચ્છી સંસ્થાની માહિતી એક સ્થળે એકત્રિત કરી શકાય અને તે "સર્વજન હિતાય" ઉપયોગી બની રહે તે હેતુસર સંપુર્ણ માહિતી મોકલવા અપીલ કરાઈ છે. સંપર્ક : મંગલમંદિર, શ્રી કચ્છી જૈન સેવાસમાજ, કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી, એલીસબ્રિજ, અમદાબાદ-૩૮૦૦૦૭ ફોન : ૦૭૯-૨૬૫૭૮૮૯૨

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ગદગ

મહાજન દ્વારા શિક્ષણ પ્રોત્સાહન યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩ માટે રૂા.બે લાખ ત્રેવીસ હજારની રકમ જ્ઞાતિના વિદ્યાર્થીઓને તેમની કોલેજની ફી માટે વ્યાજમુક્ત લોન તરીકે ફાળવવામાં આવી છે.

અત્રે શ્રી રાજસ્થાન સંઘના દેરાસરમાં ચાતુર્માસ બિરાજીત મુનિ શ્રી મહેન્દ્રસાગરજી મ.સા.આ.ઠા.૩ દેરાસરે તા.૧૭-૧૨-૧૨નાં પધારેલ અને વ્યાખ્યાન આપેલ. બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓએ વ્યાખ્યાન-વાણીનો લાભ લીધો હતો. દરેકને રૂા.૧૦ની પ્રભાવના દસ પરિવાર તરફથી અપાઈ. વ્યાખ્યાન બાદ અલ્પાહારની વ્યવસ્થા હતી. કોપ્પલથી ચાતુર્માસ બાદ વિહાર કરીને અત્રે સ્થાનકવાસી સંઘના પધારેલ પૂ.સા.શ્રી પ્રિયદર્શનાશ્રીજી મ.સા.આ.ઠા.૪ સંઘના દેરાસરે તા.૨૪-૧૨-૧૨ના પધારેલ અને વ્યાખ્યાનનો લાભ આપેલ. રૂ.૧૦ની પ્રભાવનાં ૬ પરિવાર તરફથી થઈ. તા.૨૫-૧૨-૧૨નાં સર્વેને સીમંધર સ્વામીની ભાવયાત્રા ખૂબ સુંદર રીતે કરાવી હતી. શ્રીમતી જવેરબાઈ વીરજી ગાલા તરફથી મીઠાઈની પ્રભાવના કરવામાં આવી. બન્ને પ્રંસગે ખૂબ સારી સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધો હતો.

## ડોંબિવલીમાં એક વધુ દેરાસર

મીની કચ્છ ગણાંતા ડોંબીવલીમાં ધર્મ આરાધના પ્રવૃતિઓ અને સામાજિક સેવાના કાર્યોની સદા સરવાણી વહેતી રહે છે. કચ્છી જૈન ફાઉન્ડેશન સંચાલિત સમાજની 'નવનીતનગર' આવાસ યોજનામાં ડોંબિવલી (ઈ)માં મુનિસુવ્રતસ્વામી જિનાલય આકાર લઈ રહ્યું છે. આ ઉપરાંત ચાર ઉપાશ્રય નિર્માણ થશે.

## વડોદરામાં બાળ સંસ્કરણ શિબિર

સમસ્ત મહાજનના ઉપક્રમે વડોદરા મહાજનના સહયોગે ઉગતી પેઢીના ૮ થી ૧૬ વર્ષના બાળકો માટે જ્ઞાતિ, સમાજ અને ધર્મ સંસ્કારની શિબિર રવિ. તા.૩-૨-૧૨ના ક.દ.ઓ. સમાજ ભવન-વડોદરામાં યોજાઈ છે. આ શિબિરમાં સામાજિક, વ્યવહારીક અને ધાર્મિક વિષયે પ્રાથમિક સમજ અને સંસ્કારો અપાશે. વાપીથી અમદાવાદ સુધીના જ્ઞાતિ બાળકોને મોકલવા વાલીઓને અપીલ કરાઈ છે. નામ નોંધણી સંપર્ક : શ્રી ધનજીભાઈ-09327037879, 0265-2531700

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **તેજસ વિનોદકુમાર નાગડા** | જતીન કિરાણા સ્ટોર્સ, H.No.1-12-422,વર્કશોપ રોડ, નાંદેડ-૩૬૧૪૦૫. ફોન 09226842295, 07350333108 |
| **રેશ્માબેન આર. છેડા** | ૬૦/૧૪૬, ૧લો બ્લોક, ૧૦મો બી મેન રોડ, મૈસુર બેંક કોલની, જયનગર, બેંગલોર-૫૬૦૦૧૧ ફોન : ૯૮૮૬૦૯૭૭૭૨, ૯૭૪૨૭૭૭૧૦૮ |
| **રાહુલ ચંદ્રકાંત લોડાયા** | એ-૨૦૨, ગણેશ રેસીડન્સી, IOC રોડ માનસરોવર, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૭૨૧ |
| **ચંદ્રેશ જેતશી શિયાલ** | ૭૦૨-એ,શ્રીહરી એનક્લેવ, નાહુર વિલેજ રોડ, હનુમાન મંદિર પાસે, મુલુન્ડ(વે).9820336845/25680102 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪-૧૦-૧૨ | સાંગલી | SNMA | પ્રશમ-દિપક લખમશી મૈશેરી | નાનીસિંધોડી | પુત્ર |
| ૨૯-૧૧-૧૨ | કારંજા | SUMT010203 | બાની-આશીષ મણીકાંત મોતા | સુથરી | કન્યા |
| ૭-૧૨-૧૨ | કાંજુરમાર્ગ | SUDH090903 | મન્શ-ઉજાસ પ્રફુલ ધરમશી | સુથરી | પુત્ર |
| ૯-૧૨-૧૨ | ઘાટકોપર | VKSO040303 | પરમ-રીતેન પ્રફુલ સોની | વાંકુ | પુત્ર |
| ૧૮-૧૨-૧૨ | મુલુન્ડ | RYMT010403 | શ્રવ્યા-ચિંતન પિયુષ મોતા | રાયધણજર | કન્યા |
| ૧૯-૧૨-૧૨ | પુના | RANG070603 | દેવ-જતીન જયંત નાગડા | રંગપુર | પુત્ર |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬-૧૨-૧૨ | મુર્તિજાપુર | SUMT020604 | પુર્વેશ કૈલાસ ભવાનજી મોતા | સુથરી | ૨૭ |
| | ખંડવા | BYGS020203 | નીતિ હરિન વીશનજી ગોસર | બાયઠ | ૨૫ |
| ૨૩-૧૨-૧૨ | ભાંડુપ | SMMO010204 | પ્રશાંત વીરચંદ ખીમજી મોમાયા | મોટીસિંધોડી | ૩૨ |
| | અમદાવાદ | TRLO020704 | જયુ તારાચંદ વેલજી લોડાયા (રતાણી) | તેરા | ૩૨ |
| ૯-૧૨-૧૨ | થાણા | SIKN040604 | જયંત કિશોર હીરાચંદ ખોના | સાંયરા | ૨૭ |
| | કાંજુરમાર્ગ | VRVK010304 | દિશા મહેન્દ્ર નવીનચંદ્ર વિકમશી | વરાડીયા | ૨૪ |
| ૨૭-૧૨-૧૨ | ડોંબિવલી | VVLO100804 | પ્રતિક ઝવેરચંદ ટોકરશી લોડાયા | વારાપધર | ૨૫ |
| | પાંચોરા | SUDH050203 | અલ્પા સુભાષ લક્ષ્મીચંદ ધરમશી | સુથરી | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪-૧૧-૧૨ | પુર્ણા | KBLO081001 | જમકુબાઈ વીશનજી રાયશી લોડાયા | મોટીખાવડી | ૮૦ |
| ૩૧-૧૨-૧૨ | ગદગ | NLL0230101 | મધુરીબાઈ બાબુભાઈ ભવાનજી લોડાયા | નલીયા | ૮૨ |
| ૨૦-૧૨-૧૨ | પોંડીચેરી | NLCD020902 | વંદના (લક્ષ્મી) ભવાનજી દામજી છેડા | નલીયા | ૬૫ |
| ૨૮-૧૨-૧૨ | ઘાટકોપર | SUDU043301 | કરમશી ખેતશી કેશવજી ઘુલ્લા | સુથરી | ૮૦ |
| ૧-૧-૧૩ | ભાંડુપ | BYDD020101 | નવીન ચાંપશી લાલજી દંડ | બાયઠ | ૬૯ |
| ૧-૧-૧૩ | સાંઘવ | SDLO051201 | ગોરબાઈ કુંવરજી પત્રામલ લોડાયા | સાંઘવ | ૯૫ |


શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

**શુભેચ્છા સહ...**
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા....
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

પ્રભુ મહાવીરે પ્રરૂપેલા ધર્મભાવનાએ સંયમપંથે પ્રસ્થાન કરવા તૈયાર થયેલ હાલમાં ગચ્છની પાચ મુમુક્ષુ દીકરીઓને તેમના ઉજ્જવલ, યશસ્વી, સાર્થક સાધના માર્ગની અંતઃકરણની શુભેચ્છાઓ....
– "તન-મન" પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

# હાર્દિક અભિનંદન !



**હેતલ જ્વેરચંદ શાહ (લોડાયા)** (મદુરાઈ મુંબઈ)

ચિ. હેતલે B.E. (Civil) 67% in 2009 and MBA in (Project & Construction Management) 72% in Oct. 2012 ઉત્તીર્ણ થઈ પરિવારનું નામ રોશન કરેલ છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને વધુ પ્રગતિશીલ ભાવિની શુભેચ્છાઓ...

**-: શુભાશિષ -:**

દાદા-દાદી : **સ્વ. મીઠીબાઈ લાલજી નરશી લોડાયા** (કુવાપધર-ગદગ)

નાના-નાની : **સ્વ.માંકબાઈ હંસરાજ ગંગાજર ખોના** (જખૌ-ગંજબાસોદા)

માતા-પિતા : **રત્નપ્રભા જ્વેરચંદ લોડાયા**

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



**સ્વ. કિશોર વાલજી છેડા**

(જશાપર-અમદાવાદ)

સ્વર્ગવાસ : ૧૦-૧-૧૨

રડી પડે છે આંખો અમારી, જોઈને હસતી તસ્વીર તમારી. તમારી વિદાયને એક વર્ષ થયું છતાં મન માનવા તૈયાર નથી કે આપ અમારી સાથે નથી. સહુના દિલમાં જેમનું સ્થાન છે એવા પાવનકારી આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

**❊ શ્રધ્ધાસુમન ❊**

**શા. વાલજી હીરજી છેડા પરિવાર (અમદાવાદ)**

# હાર્દિક અભિનંદન !



**ડો. અ.સૌ. વિરલ દીપ પ્રફુલ લોડાયા** BHMS (Mumbai)

ડો. સો વિરલે શરૂ કરેલ પોતાની સ્વતંત્ર હોમિયોપેથિક ક્લીનીક બદલ ખૂબ ખૂબ અભિનંદન. પોતાના વિદ્યાર્થી કાળમાં સફળ વ્યાવસાયિક કારર્કીદી મેળવી પ્રગતિ કરી છે અને ઉત્તરોતર ભાવિ પ્રગતિ માટે અંતરની શુભેચ્છાઓ...

**~ શુભાશિષ ~**

માતુશ્રી મણીબાઈ માણેકજી લોડાયા (સાંઘવ)
માતુશ્રી હેમલતાબેન લાલજી જેઠાભાઈ મોતા (રાપરગઢવારી)
શ્રીમતી રીટા પ્રફુલ માણેકજી લોડાયા (સાંઘવ)
માતુશ્રી હીરબાઈ પુનશી લોડાયા (જખૌ)
શ્રીમતી ધારીણીબેન દિપક પુનશી લોડાયા (જખૌ)
માતુશ્રી કુંવરબાઈ દેવજી દામજી ખોના (જખૌ)

**ક્લિનીક : ૨, અંબાજીધામ, એમ.જી. રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦. મો.9820073141**

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# અશ્રુભરી શ્રધ્ધાંજલિ

જન્મ
તા.૬-૧૨-૧૯૫૬



અરિહંતશરણ
તા.૨૪-૧૧-૨૦૧૨

## શ્રી રમેશ લક્ષ્મીચંદ લોડાયા (ભાટે)

(રાપરગઢવારી-અહમદનગર)

જીંદગી મળવી એ નશીબની વાત છે,
મોત મળવું એ સમયની વાત છે.
મોત પછી સૌના દિલમાં રહેવું એ,
જીંદગીમાં કરેલા સત્કર્મોની વાત છે.
મરણ છે એકજ, તમે વહેલાં જશો એ નહોતી ખબર,
તમે હોવાનો આભાસ થાય છે.
હમણાં બોલશો, એવો વિશ્વાસ થાય છે.
હવે નથી મળવાનો છતાંય તમારા આવવાનો અહેસાસ થાય છે.
ધન છે, વૈભવ છે, સઘળા સુખ છે.
પણ જનારા સ્વજન ના મળે તો જીવનભરનું વસમું દુખ છે
પણ આશ્વાસન એક છે કે, જતા જતા પ્રભુ ચરણોનો વિસામો લેતા ગયા
જીવનદીપ ઢળતા ઢળતા પ્રભુદર્શનનું અમૃત તો લેતા ગયા...

આપની યાદમાં ઝૂરતા સમસ્ત પરિવાર વતી શ્રધ્ધાંજલિ અર્પતા પ્રભુને પ્રાર્થના કે
અમારા સ્વજનને પરમ શાંતિ, સદ્ગતિ અને મોક્ષ પ્રતિ પ્રયાણ આપજે...

~ શ્રધ્ધાસુમન ~

ધર્મપત્ની : કલ્પના રમેશ લોડાયા (ભાટે)
પુત્રી : નિયતિ રમેશ લોડાયા (ભાટે)
પુત્રી-જમાઈ : નેહા અને ગૌરવ ભરત દંડ (મલકાપૂર)
કુટુંબ: ખીંયરાજ મુરજી લોડાયા સમસ્ત પરિવાર (રાપર-અહમદનગર)
સાસરું : તિલકચંદ ડુંગરશી મોમાયા સમસ્ત પરિવાર (નલીયા-રાયપુર)

ઋણ સ્વીકાર : અમારા દુખમાં રૂબરૂ, ફોન દ્વારા સાંત્વના આપનાર સર્વે સ્નેહી સ્વજનોનો સહૃદયે ઋણ સ્વીકારીએ છીએ.

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**